Monday 03, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in


❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

મુ.પો.આલીપોર, ને.હા.નં.48, તા.ચીખલી, જિ.નવસારી

વસુધારા

# શ્રદ્ધાંજલિ સભા



## સદ્‌ગત નરેન્દ્ર બી. વશી

પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર, વસુધારા ડેરી, આલીપોર, જિ.નવસારી

જન્મ તા.08-01-1948 | નિધન તા.29-07-2026

**શ્રમ, સાદગી, સેવા અને શ્વેતક્રાંતિની પ્રેરણા મૂર્તિ**

''વસુધારા'' વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ના સ્થાપક-વિકાસ અને સ્થિરતાના પ્રણેતા શ્રી નરેન્દ્ર બી. વશી (નિવૃત) નુ તા. 29-07-2026 ના રોજ નિધન થયું છે. દુખઃદ ઘટના છે. વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાનાકૃષિ જગતમાં શ્વેતક્રાંતિના મશાલચી રહ્યા. ગુજરાત રાજયમાં ડેરી ઉધોગની સુગંધ સહકારી ક્ષેત્રમાં પ્રસરાવી આ ક્ષેત્રનો પ્રતિષ્ઠિત પુરસ્કાર ''ડો. વર્ગીસ કુરિયન''થી વિભુષિત થઈ આપણા પંથકને સમગ્ર રાજયમાં મહેકતો કર્યો. આપણી વસુધરા ડેરી અને એમના પરિવારના શ્રદ્ધાસુમન અર્પિત કરવા જાહેર સભાનું આયોજન થયું છે

**તા.05-08-2026, બુધવાર | સમય : બપોરે 01.00 કલાકે**

**સ્થળ : દિનકર ભવન, મજીગામ, તા.ચીખલી, જિ.નવસારી**

:: શોકાતુર ::

| | | |
|---|---|---|
| શ્રી રાજેશકુમાર ભીખુભાઇ પટેલ - ચેરમેનશ્રી | શ્રીમતી સીતાબેન દિલીપભાઇ જાદવ - વા.ચેરમેનશ્રી | શ્રીમતી કલ્પનાબેન પ્રદિપભાઇ ભીંસરા - ડિરેકટરશ્રી |
| શ્રી ગમનભાઇ કીકાભાઇ પટેલ - ડિરેક્ટરશ્રી | શ્રી કિશોરકુમાર હરિભાઇ પટેલ - ડિરેકટરશ્રી | શ્રીમતી સાધનાબેન ભરતભાઇ પટેલ - ડિરેક્ટરશ્રી |
| શ્રી પ્રમોદકુમાર મોરારજી પટેલ - ડિરેક્ટરશ્રી | શ્રીમતી સુધાબેન સુરેશભાઇ પટેલ - ડિરેક્ટરશ્રી | શ્રીમતી રમીલાબેન હરેશભાઇ ખાંડવી - ડિરેક્ટરશ્રી |
| શ્રી બાપુભાઇ ભાયલભાઇ ઠાકર્યા - ડિરેક્ટરશ્રી | શ્રીમતી લીલાબેન અમ્રતભાઇ ગાંવિત - ડિરેક્ટરથી | શ્રીમતી કમીબેન અમદભાઇ દેશમુખ - ડિરેક્ટરશ્રી |
| શ્રી જશવંતસિંહ ગોમાનસિંહ ઠાકોર - ડિરેકટરશ્રી | શ્રીમતી ભારતીબેન બિસ્તુભાઇ માહલા - ડિરેકટરશ્રી | શ્રી વિજય એન. કાપડિઆ - ઇ. મેનેજિંગ ડિરેક્ટર |

**ઉર્મિ વશી (પુત્રી) | રેખાબેન વશી (ધર્મપત્નિ)**

કારોબારી મંડળના પૂર્વ સભ્યશ્રીઓ, સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓના હોદ્દેદારોશ્રીઓ,
સભ્યશ્રીઓ, કર્મચારીઓ, માનવંતા ગ્રાહકો, વિક્રેતાઓ, કોન્ટ્રાકટરો તેમજ સપ્લાયરોમાં દુઃખની લાગણી છે.

## દોડીપાડા-બરડા રોડ પર વરસાદથી થયેલા લેન્ડસ્લાઈડનું માત્ર બે દિવસમાં પુરાણ કરાયું



**આહવા, તા. ૨ :** ડાંગ જિલ્લામાં પડેલા ભારે વરસાદના પરિણામે પંચાયત માર્ગ અને મકાન વિભાગ હેઠળના ગ્રામ્ય વિસ્તારના દોડીપાડા - બરડા રોડ પર રસ્તાની ધાર પર જમીન ધસી પડવાની ઘટના બની હતી. જેને કારણે રસ્તાની બાજુમાં આશરે ૨૦ થી ૨૫ મીટર જેટલી ઊંડી ખાઈ જેવી જોખમી સ્થિતિ નિર્માણ પામી હતી.

આ ઘટના અંગે જાણ થતાં જ પંચાયત માર્ગ અને મકાન વિભાગ, ડાંગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિભાગ દ્વારા માત્ર બે દિવસના ટૂંકા ગાળામાં યોગ્ય મશીનરી અને પૂરતા પ્રમાણમાં મટીરિયલનો ઉપયોગ કરીને રસ્તાની સાઈડનું સફળતાપૂર્વક પુરાણ કરી દેવામાં આવ્યું છે.

તંત્રની ત્વરિત અને અસરકારક કામગીરીના કારણે સંભવિત અકસ્માત નિવારી શકાયો અને માર્ગ પર વાહન વ્યવહાર પુનઃ સુરક્ષિત તેમજ સુગમ બનાવી દેવામાં આવ્યો છે. રસ્તો પૂર્વવત શરૂ થઈ જતાં સ્થાનિક ગ્રામજનો અને રાહદારીઓએ તંત્રની કામગીરીની સરાહના કરી હતી.

## ગણદેવી તાલુકા પત્રકાર સંઘ દ્વારા પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અપાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) બીલીમોરા, તા.૩૦ :** અંબિકા અને કાવેરી નદીમાં આવેલા વિનાશક પૂરના કારણે ગણદેવી તાલુકામાં ભારે તારાજી સર્જાઈ હતી,જેમાં અનેક વિદ્યાર્થીઓના પુસ્તકો, નોટબુક અને શૈક્ષણિક દસ્તાવેજો નાશ પામ્યા હતા. આ વિકટ પરિસ્થિતિમાં પત્રકાર કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગણદેવી તાલુકા પત્રકાર સંઘ દ્વારા પૂરગ્રસ્ત બાળકોનું શિક્ષણ ન બગડે તે હેતુથી પ્રથમ ચરણનું શૈક્ષણિક સહાય મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞ અંતર્ગત ગણદેવી તાલુકાની ૨૫ અને બીલીમોરા શહેરની ૩ શાળાઓના મળીને કુલ ૨,૮૭૫ વિદ્યાર્થીઓને ૧૧,૫૭૬ નોટબુકો, પેન્સિલ તથા અન્ય શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરી બાળકોના મુખ પર ફરી સ્મિત લાવવાનો સફળ પ્રયાસ કરાયો હતો.

આ ભગીરથ કાર્યમાં તાલુકા પત્રકાર સંઘની સાથે જિલ્લા પોલીસ તંત્ર, જિલ્લા ક્વોરી એસોસિએશન, સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ, દાદુ માસ્ટરના ગણપતિ મંડળ (બીલીમોરા) સહિત વિવિધ સેવાભાવી સંસ્થાઓ, દાતાઓ અને સમાજના અગ્રણીઓ સહભાગી બન્યા હતા. શિક્ષણને બાળકના ઉજ્જવળ ભવિષ્યનો પાયો ગણાવી, સંઘે પૂરની આ આપત્તિમાં વિદ્યાર્થીઓની વહારે આવનાર તમામ સહયોગીઓ, દાતાઓ અને તંત્રનો આહલાદક આભાર વ્યક્ત કર્યો હતો.

## ખેરગામમાં માતાના અંતિમ સંસ્કાર કરતી ચાર ભગિની



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ખેરગામ, તા.૩૦ :** ખેરગામ દેસાઈવાડમાં સોની કળાકામગીરી કરતા પટેલસોની પરિવારમાં અશોકભાઈ રામજીભાઈ પટેલના ધર્મપત્ની જયશ્રીબેન (૫૦)નું તા. ૩૦/૭ ગુરુવારે મળસ્કે અચાનક હૃદય રોગના તીવ્ર હુમલાથી દેહાવસાન થયું જેમને પુત્રરત્ન ના હોય જયશ્રીબેનના અંતિમ સંસ્કાર તેમની ચાર દીકરીઓ પ્રમિતિશા, મિનીષા, કૃપાલી અને નિકિતા (અપરિણીત) એ કાંધે ઊંચકી વ્હાલી મમ્મીને અશ્રુભીની આંખે અંતિમ વિદાય આપી હતી. સંયુક્ત રૂપે ચારે બહેને ભારે હૈયે મુખાગ્નિ આપી, આદિવાસી સમાજ-ખેરગામ તાલુકામાં સૌપ્રથમ વખત નવો ચિલો ચાતર્યો હતો. જેમની તેરમાની વિધિ ૧૧ ઓગસ્ટે છે.

## ગણદેવામાં વીજ કરંટનો ભોગ બનનાર યુવકના પરિવારજનોને ૧૫.૭૪ લાખની સહાય



### શ્રમિકોના પરિવારજનોને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને આદિજાતિ મંત્રી નરેશ પટેલના હસ્તે આર્થિક સહાય અર્પણ કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ગણદેવી,તા.૨ :** ગણદેવી તાલુકાના ગણદેવા ગામે હટવાડા ફળિયામાંથી પસાર થઈ રહેલા ટેમ્પોને શુક્રવાર સવારે ૧૧ કે.વી.નો જીવંત વીજતાર અડી જતાં સર્જાયેલી કરૂણ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર હળપતિ પરિવારના ત્રણ શ્રમજીવી યુવાનોના દિવંગત પરિવારજનોને શનિવારે રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય અર્પણ કરવામાં આવી છે.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ અને રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે દિવંગતોના શોકગ્રસ્ત પરિવારજનોની પ્રત્યક્ષ મુલાકાત લઈને ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી સાંત્વના પાઠવી હતી. અને કલ્પેશ અરૂણભાઈ હળપતિ (ઉં.વ. ૨૭) પરિવારને રૂ. ૫.૨૦ લાખની સહાય, નીતિન વિનોદભાઈ હળપતિ (ઉં.વ. ૩૨) પરિવારને રૂ. ૫.૦૦ લાખની સહાય, જીગર નીતિનભાઈ હળપતિ (ઉં.વ. ૨૧) પરિવારને રૂ. ૫.૫૪ લાખની સહાય આપી હતી. મંત્રીઓએ પરિવારજનોને સહાયના ચેક અર્પણ કરવાની સાથે આ કઠિન અને દુઃખની ઘડીમાં સરકાર તેમની સાથે હોવાની ખાતરી આપી હતી.આ ગંભીર અકસ્માતમાં ઘવાયેલા અને હોસ્પિટલમાં સારવાર હેઠળના ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ, ઝડપી અને વિનામૂલ્યે સારવાર મળે તે માટે મંત્રીઓએ સંબંધિત આરોગ્ય અધિકારીઓ અને સ્થાનિક વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપી હતી.

ધારાસભ્ય રાકેશ દેસાઈ, જીલ્લા અધ્યક્ષ ભૂરાભાઈ શાહ, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલી નાયક, પુષ્પા પટેલ સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## બીલીમોરા નજીક કાવેરી નદીના ધસમસતા પ્રવાહમાં વીજ ટાવર નમ્યો

### ઉંડાચના ૨૩૮૫ ઘરોમાં અંધારપટ



**બીલીમોરા,તા.૨ :** છેલ્લા બે સપ્તાહથી વરસી રહેલા રેકોર્ડબ્રેક વરસાદ અને કાવેરી નદીમાં આવેલા સતત પૂરને કારણે આંતલીયા વીજ સબસ્ટેશનથી ઉંડાચ ગામને વીજળી પૂરી પાડતી લાઈનનો ઊંચો ટાવર નદીના પટમાં નમી પડ્યો છે. દુર્ઘટના ટાળવા માટે વીજ પુરવઠો તાત્કાલિક બંધ કરી દેવામાં આવતાં ઉંડાચ ગામના ૨,૩૮૫થી વધુ વીજ ગ્રાહકો અંધારપટમાં મુકાયા છે.

આંતલીયા ૬૬ કેવી સબસ્ટેશનથી નીકળતી ૧૧ કેવી હાઈ ટેન્શન લાઈનનો પાયામાંથી નમી પડ્યો છે અને હાલ માત્ર વીજ વાયરોના સહારા પર હવામાં અધ્ધર લટકી રહ્યો છે. આંતલીયા-ઉંડાચને જોડતા પુલની લગોલગ આવેલા ટાવરનાં પાયામાં ખામી સર્જાતાં ઉંડાચ ગામમાં વીજ પુરવઠો સંપૂર્ણ ઠપ થઈ ગયો છે જેમાં વાણિયા ફળીયા, લુહાર ફળીયા, તરી ફળીયા, કાછલ ફળીયા, રાઘવ ફળીયા, ઘોલ ફળીયા તથા આસપાસના અન્ય વિસ્તારો માં વીજળી ડૂલ થઈ હતી. જુલાઈ મહિના દરમિયાન કાવેરી નદીમાં એકપછી એક બે થી ત્રણ મોટા પૂર આવ્યા હતા. કાવેરી નદીએ ભયજનક ૧૯ ફૂટની સપાટી વટાવીને ૩૩ ફૂટની ઉંચાઈ આંબી લેતાં કાંઠાવિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ હતી. આ ધસમસતા પ્રવાહના કારણે જ વીજ ટાવરનો પાયો નબળો પડ્યો હતો. હાલ નદીમાં પાણીનો પ્રવાહ અત્યંત ઝડપી હોવાથી વીજ કંપની માટે સમારકામની કામગીરી શરૂ કરવી ભારે પડકારજનક બની રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ વર્ષ અગાઉ પણ કાવેરી નદીના પૂરના પ્રવાહને કારણે પુલનું એલાઈનમેન્ટ ખસી ગયું હતું, જેનાથી સ્થાનિકોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. હવે વીજ ટાવર નમી પડતાં સર્જાયેલ અંધારપટની સમસ્યામાંથી ક્યારે મુક્તિ મળશે તેને લઈને ગ્રામજનો ચિંતિત છે.

## ખેરગામના લહેરખામાં મકાન પડવાની ભીતિ : મામલતદારને રજૂઆત



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ખેરગામ, તા.૦૨ :** ખેરગામને લાગૂ બહેજ પહેલા લહેરખા ફ. તળાવ વિસ્તારમાં રહેતા માજી સરપંચ અર્જુનભાઈ પટેલે ચોમાસાના ભરાતા પાણીના નિકાલ અંગે તંત્ર સામે ગંભીર અસંતોષ વ્યક્ત કરી ભરાતા પાણીનો ઝડપી નિકાલના અભાવે તેમના ઘરની પશ્ચિમ બાજુની દીવાલ નમવા લાગતા આખું મકાન ધરાશાયી થવાની,તેનાથી ઘરવખરી-મોટી જાનહાનિ થવાની સંભાવનાની ખેરગામ મામલતદારને લેખિત રજૂઆત કરી અર્જુનભાઈએ જણાવ્યું છે કે, તેઓ અગાઉ પણ અનેક વખત આ અંગે તંત્રનું ધ્યાન દોરી ચૂક્યા છે. સ્થળ પર ચાલવા માટે કપચી-પથ્થર નાંખીને ચાર પાઈપ મૂકવામાં આવ્યા છે, પરંતુ પાણીના નિકાલ માટે કોઈ નક્કર અને કાયમી કામગીરી કરવામાં આવી નથી.

આ ગભીર પરિસ્થિતિથી ખેરગામના સરપંચ, તાલુકા-જિલ્લા પંચાયતના માજી પ્રમુખો, પોલીસ તંત્ર તેમજ મામલતદાર પોતે પણ વાકેફ અને સાક્ષી છે. મકાનના પાયામાં પાણી પચી જવાથી ઘરની દીવાલ ગમે ત્યારે ધસી પડે તેવી સ્થિતિ છે, જેમાં પરિવારજનો અને ઢોર-ઢાંખર દબાઈ જવાનો મોટો ભય સેવાઈ રહ્યો છે. આગામી ૭ દિવસની અંદર ભરાતા પાણીના નિકાલની યોગ્ય અને સુરક્ષિત કામગીરી પૂરી કરવામાં નહીં આવે અને મકાન કે જાનમાલને કોઈ પણ નુકસાન થશે, તો તેની તમામ જવાબદારી સ્થાનિક સરકારી તંત્રની રહેશે એવી લેખિત ચીમકી આપી છે.

## દેવસરમાં બ્રહ્મલીન સાનેદાદાની ૧૦૮મી જન્મજયંતી ઉજવાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) બીલીમોરા, તા.૦૨ :** બીલીમોરા નજીક આવેલા પ્રસિદ્ધ દેવસર નવનાથ ધામ ખાતે શુક્રવારે નાથ સંપ્રદાયના પ્રખર સંત બ્રહ્મલીન સદગુરુ સાનેદાદાની ૧૦૮મી જન્મજયંતી શ્રદ્ધા, ભક્તિ અને સેવા ભાવના સાથે ધામધૂમથી ઉજવવામાં આવી હતી. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં નાથભક્તો અને શ્રદ્ધાળુઓ ધામ ખાતે ઉમટી પડતાં સમગ્ર વાતાવરણ ધાર્મિક મંત્રોચ્ચારથી ગુંજી ઊઠ્યું હતું. આ પ્રસંગે સાનેદાદાના પાદુકા પૂજન, વિશેષ આરાધના, ભજન-કીર્તન તેમજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરાયું હતું. નાના બાળકોના હસ્તે કેક કટીંગ કરાઈ હતી તથા છત્રીસગઢથી આવેલા સત્સંગ મંડળે પૂજ્ય છોટેદાદાનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. આ અવસરે શ્રી છોટેદાદાએ બ્રહ્મલીન સાનેદાદાના જીવનપ્રસંગોને વાગોળતા જણાવ્યું હતું કે, મહામુનિ મત્સ્યેન્દ્રનાથના સાક્ષાત્કાર બાદ સાનેદાદાએ યોગ અને સાધનાના માર્ગે દેવસરને પોતાની કર્મભૂમિ બનાવી હતી. તેમણે બહુજન હિતાય, બહુજન સુખાયેના આદર્શ સાથે સમગ્ર જીવન સમાજસેવામાં સમર્પિત કર્યું હતું. સાનેદાદાના નિર્માણ દિવસથી નિર્વાણ દિવસ સુધી વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુક વિતરણની સેવા પ્રવૃત્તિ પણ શરૂ કરાઈ છે. હાલ ધામ ખાતે ભક્તોની અડગ આસ્થા સમાન સાનેદાદાના ભવ્ય મંદિરનુંનિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. મહોત્સવમાં હજારો શ્રદ્ધાળુઓએ સાનેદાદાને નમન કરી પૂજ્ય છોટેદાદાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.

## ખેરગામના યુવકની બાઈક વીજ પોલ સાથે અથડાતા મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ચીખલી, તા.૨ :** નવસારી જિલ્લાના ખેરગામ તાલુકા ખાતે એક મોટરસાયકલ ચાલકે પોતાની મોટર સાયકલ પૂર ઝડપે અને ગફલાત ભરી રીતે હંકારી ઈલેક્ટ્રીક પોલ સાથે અથડાવી દેતા ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા થતા ચાલકનું ઘટના સ્થળે ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ખેરગામ તાલુકાના ખેરગામ બંધાડ ફળિયા ખાતે રહેતા પ્રકાશ ધીરુભાઈ પટેલ ઉ.વ. ૪૫ જેઓ પોતાની મોટરસાયકલ સીટી ૧૦૦ મોટરસાયકલ નંબર જીજે ૨૧ બીએલ ૯૧૪૪ ઉપર સવાર થઈને જઈ રહ્યા હતા. દરમિયાન ખેરગામ અતુલ ફળિયા વળાંક પાસે ચાલકે પોતાની મોટરસાયકલ ઉપરથી કાબુ ગુમાવતા મોટરસાયકલ ઈલેક્ટ્રીક પોલ સાથે અથડાવી દેતા પ્રકાશ પટેલને માથામાં અને શરીરના ભાગે ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.


**દમણગંગા ટાઇમ્સ**

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૩-૦૮-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** અષાઢ, પાંચમ, **સૂર્યોદય :** ૦૬ : ૧૫ **સૂર્યાસ્ત** ૦૭ :૧૬, **ચંદ્રોદય** - ૧૦:૦૩ **ચંદ્રાસ્ત** - ૧૧:૦૭ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - ઉત્તરભાદ્રપદ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** અટકેલા કાર્યો પૂરા થવાની સંભાવના છે. પ્રોપર્ટી કે જમીન-મિલકતને લગતા પ્રશ્નો ઉકેલાઈ શકે છે. માતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**વૃષભ(બ.વ.ઉ) :** આર્થિક દ્રષ્ટિએ દિવસ સારો છે. નવી ચીજવસ્તુઓની ખરીદી થઈ શકે છે. પરિવારમાં સુમેળ અને ખુશીનું વાતાવરણ રહેશે.

**મિથુન(ક.છ.ઘ) :** દોડધામ વધુ રહેશે. બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખવો જરૂરી છે. વેપાર કે નોકરીમાં સહકર્મીઓ પર આંખ બંધ કરીને ભરોસો ન કરવો.

**કર્ક(ડ.હ) :** માનસિક એકાગ્રતા વધશે. કાર્યક્ષેત્રમાં ઉપરી અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. નાની-મોટી ચિંતાઓ દૂર થશે.

**સિંહ(મ.ટ.) :** ત્મવિશ્વાસમાં વધારો થશે. સામાજિક માન-પ્રતિષ્ઠા વધશે. અટકેલા કાર્યોમાં મિત્રોનો સહયોગ સાંપડશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** સમયનો સદુપયોગ કરવો અને આળસથી દૂર રહેવું. કામનું ભારણ વધુ રહી શકે છે, પરંતુ ધૈર્ય રાખવાથી સફળતા મળશે.

**તુલા (ર.ત.) :** જૂના વિવાદો કે સમસ્યાઓમાંથી રાહત મળશે. પરિવાર અને મિત્રો સાથે આનંદપૂર્વક સમય વિતાવવાની તક મળશે.

**વૃશ્ચિક(ન.ય.) :** ગુસ્સા અને અહંકારથી બચવું. વેપારમાં સાવધાનીપૂર્વક આગળ વધવું, નહીંતર બનતા કામ બગડી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** મન આધ્યાત્મિક અને ધાર્મિક કાર્યોમાં લાગેલું રહેશે. વિદેશ અથવા દૂરસ્થાનથી સારા સમાચાર મળી શકે છે.

**મકર(જ.ખ) :** નાણાકીય આયોજન અને બજેટ પર ધ્યાન આપવું. ફાલતુ ખર્ચા ઘટાડવા. મહેનત રંગ લાવશે અને કાર્યશૈલી સુધરશે.

**કુંભ(ગ.શ.સ.) :** નવા કાર્યની શરૂઆત કરવા માટે સારો દિવસ છે. આર્થિક લાભ તથા મિત્રો તરફથી સાથ-સહકાર મળી રહેશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે ચંદ્ર અને શનિનો પ્રભાવ મીન રાશિ પર હોવાથી આત્મચિંતન અને શાંતિ રાખવી. ભાગ્ય અને પુરુષાર્થ બંનેનો સંગમ રહેશે, અટકેલા નાણાં પાછા મળી શકે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | 8 | | 2 | | |
| | | | 9 | 1 | | | 8 | 3 |
| | | | | | 7 | | 9 | |
| 9 | | 8 | 4 | 6 | 3 | | | 5 |
| | | | | | | | | |
| 3 | | | 5 | 9 | 8 | 7 | | 4 |
| | 8 | | 1 | | | | | |
| 6 | 1 | | | 7 | 9 | | | |
| | | 2 | | 4 | | | 1 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૪૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 4 | 5 | 2 | 6 | 7 | 9 |
| 9 | 7 | 2 | 3 | 1 | 6 | 4 | 8 | 5 |
| 4 | 6 | 5 | 9 | 8 | 7 | 3 | 1 | 2 |
| 6 | 2 | 8 | 1 | 7 | 9 | 5 | 4 | 3 |
| 7 | 9 | 1 | 5 | 3 | 4 | 2 | 6 | 8 |
| 3 | 5 | 4 | 2 | 6 | 8 | 7 | 9 | 1 |
| 1 | 4 | 7 | 8 | 2 | 3 | 9 | 5 | 6 |
| 2 | 8 | 9 | 6 | 4 | 5 | 1 | 3 | 7 |
| 5 | 3 | 6 | 7 | 9 | 1 | 8 | 2 | 4 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Monday 03, August 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## સરીગામમાં સ્વ. કમલાશંકર એસ. રાયની ૨૩મી પુણ્યતિથિએ રક્તદાન શિબિર યોજાઈ

### અતિવૃષ્ટિથી નુકસાન પામેલા અખંડાનંદ આશ્રમને રાય પરિવાર તરફથી રૂા. ૧.૧૧ લાખનું દાન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૨ :** ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે સ્વર્ગસ્થ કમલાશંકર એસ. રાયની ૨૩મી પુણ્યતિથિ નિમિત્તે યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન તથા સરીગામના રાજકીય અગ્રણી રાકેશ રાયના માર્ગદર્શન હેઠળ ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૩ વર્ષથી પિતાની સ્મૃતિમાં દર વર્ષે યોજાતો આ સેવા યજ્ઞ હવે સમગ્ર વિસ્તારમાં માનવસેવાનું પ્રેરણાદાયી પ્રતિક બની ગયો છે.

રક્તદાન મહાદાનના સંદેશ સાથે યોજાયેલી શિબિરમાં મોટી સંખ્યામાં યુવાનો અને રક્તદાતાઓ ઉત્સાહભેર જોડાયા હતાં. ગત વર્ષે યોજાયેલી શિબિરમાં ૧,૭૦૦થી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું હતું, જે સમગ્ર વિસ્તાર માટે ગૌરવની બાબત બની હતી.

કાર્યક્રમ દરમિયાન અખંડાનંદ આશ્રમના મહંતએ રાકેશ રાય દ્વારા વર્ષોથી કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તાજેતરમાં અતિવૃષ્ટિના કારણે આશ્રમને ભારે નુકસાન પહોંચતાં રાય પરિવારના મોભી અશોક રાય દ્વારા આશ્રમને રૂા.૧,૧૧,૦૦૦નું દાન અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અન્ય ભક્તોએ પણ ઉદાર હાથે દાન આપી સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

શિબિરમાં આમંત્રણને માન આપી ઉમરગામ નગરપાલિકાના આગેવાન અને પ્રથમ પ્રમુખ સચિનભાઈ કોન્ટ્રાક્ટર વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના હોદ્દેદારો, સરીગામના ઉદ્યોગકારો, રાજકીય આગેવાનો, વિવિધ સમાજના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહી રક્તદાન જેવા મહાદાનમાં સહભાગી બન્યા હતાં.

અંતે રાકેશ રાય તથા પરિવારજનો દ્વારા તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબિરને સફળ બનાવવા માટે સેવા આપનાર ડોક્ટરો, આરોગ્યકર્મીઓ, રક્તદાન કેન્દ્રના સ્ટાફ અને તમામ સેવાભાવી સહયોગીઓનો પરિવાર દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતા.

## વાપી આર.કે. દેસાઈ કોલેજ દ્વારા રાશન કિટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ, વાપી અંતર્ગત બી.સી.એ. વિભાગ દ્વારા સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવતા ગુજરાતના પૂરગ્રસ્ત પરિવારોની સહાય માટે રાશન કિટનું દાન કરવામાં આવ્યું હતું. કોલેજના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકો, તેમજ વિદ્યાર્થીઓના સહયોગથી આ સેવાકીય કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરના ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત પરિવારોને આવશ્યક જીવનજરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય તે હેતુથી અનાજ, દાળ, ચોખા, ઘઉંનો લોટ, તેલ, ખાંડ, મીઠું તેમજ અન્ય આવશ્યક સામગ્રી ધરાવતી રાશન કિટ તૈયાર કરવામાં આવી હતી.

આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. મિત્તલ શાહે જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં સામાજિક સંવેદના, કરુણા અને માનવસેવાના મૂલ્યોનો વિકાસ કરવો એ અમારી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. કુદરતી આફતના સમયમાં જરૂરિયાતમંદોની મદદ કરવી એ આપણી સૌની નૈતિક ફરજ છે. કાર્યક્રમમાં કોલેજના ચેરમેન શ્રી મિલન દેસાઈ, પ્રિન્સિપલ ડો. મિત્તલ શાહ , બી.સી.એ. વિભાગના HOD નેહા પટેલ, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. ઉપસ્થિત સૌએ પૂરગ્રસ્ત પરિવારો ઝડપથી સામાન્ય જીવન તરફ પરત ફરે અને તેમના જીવનમાં ફરી સુખ-શાંતિ સ્થાપિત થાય તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## દમણ પાવર સબસ્ટેશનમાં આગ લાગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૨ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણના મોતી દમણના મગરવાડા વિસ્તારમાં DNH&DD પાવર કોર્પોરેશનના પાવર સબસ્ટેશનમાં શનિવારે મોડી સાંજે ભીષણ આગ લાગી હતી. આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઘટનાની માહિતી મળતાં, દમણ અને આસપાસના વિસ્તારોમાંથી અસંખ્ય ફાયર વાહનો ઘટનાસ્થળે પહોંચ્યા અને આગને કાબુમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા. અગ્નિશામકો આગ ઓલવવા માટે સતત કામ કરી રહ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી. સાવચેતીના ભાગ રૂપે, આસપાસના વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. વહીવટીતંત્ર અને પાવર કોર્પોરેશનના અધિકારીઓ પણ ઘટનાસ્થળે હાજર છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. આગ સંપૂર્ણપણે કાબુમાં આવી ગયા પછી, નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવશે અને આગ લાગવાના કારણની તપાસ કરવામાં આવશે.

## દમણની ૧૬ ગ્રા.પં.ના સરપંચોની 'નશા મુકત ભારત' અભિયાન અંગે બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

PM નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત અભિયાનને સફળ બનાવવા માટે દમણ જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ બાબુ પટેલની અધ્યક્ષતામાં દમણની તમામ ૧૬ ગ્રામ પંચાયતોના સરપંચોની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન MY ભારતની જિલ્લા યુવા અધિકારી સૃષ્ટિ શર્માએ સરપંચોને અભિયાનના હેતુઓ અને મહત્વ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય અભિયાનનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં નશાના દૂષણો અંગે જાગૃતિ ફેલાવવાનો, સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો અને વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે.તેમણે સરપંચોને પોતાના ગામના વધુમાં વધુ યુવાનોને MY ભારત પોર્ટલ પર નોંધણી કરાવવા માટે પ્રેરિત કરવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે પોર્ટલ પર વધુ નોંધણી થવાથી યુવાનોને સ્વયંસેવક તરીકે વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમોમાં જોડાવાની અને દેશના વિકાસમાં યોગદાન આપવાની વધુ તકો મળશે. જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ બાબુ પટેલે MY ભારતના પ્રયાસોની પ્રશંસા કરી અને દમણની તમામ ગ્રામ પંચાયતો તરફથી સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. તેમણે સરપંચોને ગામડાના સ્તરે યુવાનોને અભિયાન સાથે જોડવા, નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા અને MY ભારત પોર્ટલ પર મહત્તમ નોંધણી સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો હતો. બેઠકના અંતે દમણના તમામ ૧૬ સરપંચોએ 'PM નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત અભિયાનને સફળ બનાવવા તેમજ MY ભારત પ્લેટફોર્મ દ્વારા યુવાનોની વધુમાં વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવા સામૂહિક સંકલ્પ વ્યક્ત કર્યો.

## વાપી આર્ટ ઓફ લિવિંગ દ્વારા પૂરગ્રસ્ત પરિવારોને સહાય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** દક્ષિણ ગુજરાતમાં સતત ભારે વરસાદને કારણે સર્જાયેલી પૂર જેવી વિકટ પરિસ્થિતિમાં ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરની પ્રેરણા હેઠળ આર્ટ ઓફ લિવિંગના સ્વયંસેવકોએ વ્યાપક રાહત અભિયાન હાથ ધરી ૨૦થી વધુ પૂરગ્રસ્ત ગામોના ૧,૦૦૦થી વધુ પરિવારો સુધી આવશ્યક રાહત સામગ્રી પહોંચાડી હતી. જુલાઈના છેલ્લા અઠવાડિયામાં સતત વરસાદને કારણે દમણગંગા અને ઔરંગા સહિત અનેક નદીઓમાં પૂર આવતાં અનેક ગામો જળબંબાકાર બન્યા હતા. સ્વયંસેવકોએ દિવસ-રાત સેવા આપતાં સવારે ૩ વાગ્યા સુધી મહેનત કરીને ૧,૩૦૦થી વધુ લોકો માટે તાજું અને પૌષ્ટિક ભોજન તૈયાર કરી તેનું વિતરણ કર્યું હતું. આ રાહત અભિયાન હેઠળ રાતા, પાંડોર, અંબેતી, અંબાચ, સલવાવ, કોચરવા, વલવાડા, બોરલાઈ, નાહુલી, બગવાડા, ટુકવાડા, પુનાટ, જંબુરી, એકલારા, દેગામ, કરાય, નાનાપોંઢા અને તિઘરા સહિત ૨૦થી વધુ પૂરગ્રસ્ત ગામોમાં રાહત સામગ્રી પહોંચાડીને જરૂરિયાતમંદ પરિવારોને શક્ય તેટલી સહાય પૂરી પાડવામાં આવી હતી.

## ડુંગરા પોલીસે ૨૭ મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

### કિ.રૂ. ૫.૪૫ લાખથી વધુના મોબાઈલ CEIR પોર્ટલ અને ટેકનિકલ એનાલિસીસથી શોધી કાઢ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** ખોવાયેલા મોબાઈલ પરત આપવા માટે શરૂ કરાયેલા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત વલસાડ જિલ્લાના ડુંગરા પોલીસે છ્ત્ન્ પોર્ટલ અને ટેકનિકલ એનાલિસીસની મદદથી કુલ ૨૭ મોબાઈલ ફોન શોધી કાઢીને તેના મૂળ માલિકોને પરત સોંપ્યા છે. પરત કરાયેલા મોબાઈલની કુલ કિંમત રૂ. ૫,૪૫,૬૪૫ થાય છે.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા ત્ભ્ લ્ અને વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગુમ થયેલા મોબાઈલ શોધવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અનુસંધાને ડુંગરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન. ગોહિલના માર્ગદર્શનમાં કિશનભાઈ હરજીભાઈ પરમારે ખાસ ટીમ બનાવીને કામગીરી શરૂ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે ખોવાયેલા મોબાઈલની વિગતો CEIR પોર્ટલ પર અપલોડ કર્યા બાદ ટેકનિકલ સર્વેલન્સ અને એનાલિસીસ દ્વારા મોબાઈલનું લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા દ્વારા કુલ ૨૭ મોબાઈલ ફોન શોધી કાઢવામાં સફળતા મળી હતી.

આજે ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે આયોજિત તેરા તુજકો અર્પણ કાર્યક્રમમાં પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન. ગોહિલના હસ્તે તમામ ૨૭ મોબાઈલ ફોન તેના મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતા. મોબાઈલ પરત મળતા નાગરિકોના ચહેરા પર ખુશી છવાઈ હતી અને તેમણે પોલીસની આ કામગીરીને બિરદાવી હતી.

આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન. ગોહિલ, પો.સબ.ઈન્સ્પે. કે.આર. ચોટેલિયા, અ.પો.કો. કિશનભાઈ પરમાર, વુ.પો.કો. સોનલબેન ઓળકિયા સહિત ડુંગરા પોલીસ સ્ટેશનની ટીમ જોડાઈ હતી.

પોલીસ તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો કોઈનો મોબાઈલ ખોવાય અથવા ચોરી થાય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની સાથે CEIR પોર્ટલ http://www.ceir.gov.in પર પણ ફરિયાદ નોંધાવે જેથી મોબાઈલ ઝડપથી શોધીને પરત આપી શકાય.

## નારગોલ નવા તળાવ-૧ આંગણવાડી અને ગ્રા.પં.ના નવા ટેમ્પો ટ્રીપરનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૨ :** ઉમરગામ તાલુકાના નારગોલ નવાતળાવ-૧ ખાતે મનરેગા યોજના અંતર્ગત નિર્માણ પામેલા નવા આંગણવાડી કેન્દ્રના મકાનનું આજે શનિવારે તા. ૦૧/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૧૧ કલાકે ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નારગોલ ગ્રામ પંચાયત દ્વારા ખરીદવામાં આવેલા નવા સફાઈ સાધન ટેમ્પો ટ્રીપર વાહનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મનરેગા યોજના હેઠળ તાલુકાના વિવિધ ગામોમાં આંગણવાડી અને પંચાયત ભવનના બાંધકામની કામગીરી તુલજા ભવાની નામની એજન્સીને સોંપવામાં આવી હતી. દરમિયાન એજન્સી દ્વારા અનેક ગામોના કુલ આશરે ૬૪ લાખની રકમ ગેરવહીવટ કરાયાનો આક્ષેપ છે. નારગોલ આંગણવાડી માટેના ૨ લાખ પણ એજન્સી દ્વારા બાકી રાખવામાં આવતા બાળકોને અગવડતા ન પડે તે માટે ગામના સરપંચ સ્વીટી ભંડારીએ સ્વખર્ચે કામગીરી પૂર્ણ કરાવી હતી. ચાર વર્ષ બાદ આ મકાનનું લોકાર્પણ થતાં ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. લોકાર્પણ બાદ ધારાસભ્ય રમણભાઈ પાટકરે નવનિર્મિત આંગણવાડીની મુલાકાત લઈ મકાનની ગુણવત્તા અને મજબૂતાઈની પ્રશંસા કરી હતી તથા સરપંચના પ્રયાસોને બિરદાવ્યા હતા. આંગણવાડીના બાળકોને શિક્ષણ કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી પરેશભાઈ પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ સતિષભાઈ વળવી, જિલ્લા પંચાયત સભ્ય ભાવિનીબેન માછી, સરપંચ સ્વીટી ભંડારી, તાલુકા પંચાયત સભ્ય ઉપેન્દ્રભાઈ માછી, સોળસુંબા સરપંચ કરસનભાઈ ભરવાડ, ઉમરગામ નગરપાલિકાના સભ્ય સમીરભાઈ ભરતિયા, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ વરઠા, ICDS સુપરવાઈઝર સરસ્વતીબેન પટેલ, આંગણવાડી કાર્યકર લક્ષ્મીબેન રાઉત, ગ્રામ પંચાયતના સભ્યો, રાજકીય આગેવાનો, વાલીગણ, ગ્રામજનો અને મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## દેહરીના પૂરગ્રસ્ત વિસ્તારની ધારાસભ્ય રમણભાઈ પાટકરે મુલાકાત લીધી



### પ્રોટેક્શન વોલ માટે રૂા.૧૫ કરોડ મંજૂર, સ્મશાનગૃહના સમારકામ માટે રૂા. ૭ લાખની સહાયની ખાતરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૨ :** ઉમરગામના લોકલાડીલા ધારાસભ્ય રમણભાઈ પાટકરે દેહરી ગામના ભંડારવાડ વિસ્તારમાં દરિયાઈ ભરતી, ભારે વરસાદ અને પૂરના કારણે થયેલા નુકસાનનું સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન તેમણે દરિયાઈ ધોવાણથી તૂટી ગયેલા માર્ગનું નિરીક્ષણ કરી તાત્કાલિક સમારકામ માટે PWD વિભાગને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત દરિયાકાંઠે પ્રોટેક્શન વોલના નિર્માણ અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે આ કામગીરી માટે અંદાજે ૧૫ કરોડની મંજૂરી મળી ગઈ છે અને ૧૫ ઓગસ્ટ પહેલાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કામ શરૂ કરવામાં આવશે. મુલાકાત દરમિયાન તૂટી પડેલા સ્મશાનગૃહના પુનઃનિર્માણ માટે તાલુકા કક્ષાએ ચર્ચા કરી તાત્કાલિક ૭ લાખની સહાય મંજૂર કરાવવા પણ ધારાસભ્યએ ખાતરી આપી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય વંદનાબેન, ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

દેહરી ગામમાં અતિવૃષ્ટિ અને પૂરના કારણે અનેક ઘરોમાં પાણી ઘૂસતા મોટાપાયે નુકસાન થયું હતું. અસરગ્રસ્ત આશરે ૧૬૦થી વધુ પરિવારોને કુલ ૮.૫૦ લાખની કેશડોલ સહાય ચૂકવવામાં આવી હતી. ઉપરાંત પંચાયત દ્વારા રાહત કિટ, ગાદલા-ગોદડાં સહિતની જરૂરી સામગ્રી અસરગ્રસ્ત પરિવારો સુધી પહોંચાડવામાં આવી હતી. ગામના સરપંચે જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતના સભ્યો, તલાટી અને સમગ્ર સ્ટાફે સતત સાત દિવસ સુધી અસરગ્રસ્ત વિસ્તારોમાં રહી રાહત અને સહાયની કામગીરી નિષ્ઠાપૂર્વક કરી હતી. અંતમાં ગ્રામજનોએ ધારાસભ્ય રમણભાઈ પાટકરનો આ મુશ્કેલ સમયમાં ગામની મુલાકાત લઈ પ્રશ્નોના નિરાકરણ માટે ત્વરિત પગલાં ભરવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપીની એમ.એન. મહેતા હોસ્પિ.માં આજથી સર્વરોગ નિદાન કેમ્પ શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** સ્વ. શ્રી ઈન્દ્રવદનભાઈ શાહની પાંચમી પુણ્યતિથિના સ્મરણાર્થે શ્રેયસ મેડિકેર સંચાલિત એમ.એન. મહેતા (વલવાડા) જનસેવા હોસ્પિટલ - વાપી દ્વારા નિ:શુલ્ક સર્વરોગ સાપ્તાહિક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. 5th એડિશન NABH માન્યતા પ્રાપ્ત આ હોસ્પિટલ દ્વારા આ કેમ્પ 03 AUGUST 2026 થી 08 AUGUST 2026 સુધી યોજાશે.

કેમ્પ દરમિયાન દર્દીઓને સંપૂર્ણપણે મફત OPDની સુવિધા મળશે. જેમાં જનરલ મેડીસીન, જનરલ સર્જરી, હાડકાની તપાસ, બાળરોગ તપાસ, સ્ત્રીરોગ તપાસ, ફિઝિયોથેરાપી, ડેન્ટલ વિભાગ અને હૃદયરોગની તપાસ જેવી તમામ પ્રાથમિક સેવાઓ ઉપલબ્ધ રહેશે.

આ ઉપરાંત લેબ ટેસ્ટ, એક્સપ્રરે, સીટી સ્કેન, એન્જિયોગ્રાફી, TMT અને 2D Echo જેવી તપાસો પર 30% સુધીનું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. કેમ્પનો સમય સવારે ૧૦.૦૦ થી ૦૧.૦૦ કલાક અને સાંજે ૦૫.૦૦ થી ૦૭.૩૦ કલાક સુધીનો રહેશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા નાગરિકો સુખલા તળાવ, કચીગામ રોડ, વાપી - ૩૯૬૧૯૧ ખાતે આવેલ એમ.એન. મહેતા હોસ્પિટલનો સંપર્ક કરી શકે છે. વધુ માહિતી માટે ફોન ૦૨૬૦-૬૬૫૦૧૦૦, મો. ૬૩૫૨૯૭૫૮૭૭.

## વલસાડ-નવસારીના માછીમારો અને ઝીંગા ઉછેરકોની રાહત પેકેજ માટે મુખ્યમંત્રીને રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** તાજેતરમાં દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાબકેલા અતિભારે વરસાદ અને વિનાશકારી પૂરને કારણે માછીમારો તથા ઝીંગા તળાવના માલિકોને પારાવાર નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે, પ્રદેશ ભાજપ માછીમાર સેલ (ગુજરાત) દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ને લેખિત રજૂઆત કરી અસરગ્રસ્તો માટે સત્વરે વિશેષ રાહત પેકેજ જાહેર કરવા માંગ કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ માછીમાર સેલના સંયોજક મહેન્દ્ર જંગીએ ૩૧ જુલાઈના રોજ મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, આ આપત્તિએ હજારો પરિવારોની વર્ષોની મહેનત અને લાખો રૂપિયાનું રોકાણ ક્ષણવારમાં નષ્ટ કરી દીધું છે. પૂરના પાણીના પ્રચંડ પ્રવાહમાં માછીમારોના રહેઠાણ, તેમની આજીવિકા સમાન બોટ અને માછીમારીનો સામાન તણાઈ ગયો છે. આ ઉપરાંત, ઝીંગા ઉછેરના તળાવના પાળા તૂટી જવા, મશીનરી-ઉપકરણો, ખોરાક અને તૈયાર થયેલો માલ પણ પાણીમાં વહી જવાથી કરોડો રૂપિયાનું માતબર નુકસાન થયું છે. જેમાં બોટ, રહેઠાણ અને ઝીંગા તળાવોમાં પૂરના પાણી ઘૂસી જવાથી કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. હજારો પરિવારોની આજીવિકા અને ભવિષ્ય જોખમમાં મુકાઈ ગયું છે, જેની સીધી અસર સમગ્ર દરિયાકાંઠાના અર્થતંત્ર અને રોજગારી પર પડશે.સરકારે આ કુદરતી આપત્તિને સામાન્ય નુકસાન તરીકે ન ગણતા વિશેષ પરિસ્થિતિ તરીકે ધ્યાને લેવી જોઈએ. માછીમાર સમાજની ન્યાયસંગત માંગ છે કે દરિયાકાંઠાના વિસ્તારોનું આર્થિક જીવન ફરીથી ગતિ પકડે તે હેતુથી સત્વરે વિશેષ રાહત પેકેજ જાહેર કરવામાં આવે. પત્રના અંતમાં વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે કે આ પેકેજથી અસરગ્રસ્ત પરિવારોને ફરીથી આત્મનિર્ભર બનવાની તક મળશે અને તેઓ માછીમાર સમુદાયમાં ફરી વિશ્વાસ, આશા તથા સન્માનભેર જીવન જીવી શકશે.

## પાથરીના શ્રી દત્ત મંદિરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ તાલુકાના પાથરી ગામે આવેલા પ. પૂ. અનસૂયા માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી દત્તપીઠ - સંસ્થાન ખાતે આજરોજ ગુરુપૂર્ણિમા મહોત્સવની ભક્તિભાવપૂર્વક અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. અખિલ બ્રહ્માંડના નાયક ભગવાન દત્તાત્રેયના આ પવિત્ર મંદિરે સવારથી જ શ્રદ્ધાળુઓનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. આજરોજ ગુરુપૂર્ણિમાના પાવન પર્વે મંદિરે સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન વિશેષ પાદુકા પૂજન, ભજન, ધૂન અને સત્સંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ લીન થઈને ગુરુમહિમાનું ગાન કર્યું હતું. આ પ્રસંગે વિશેષરૂપે સામૂહિક 'દત્ત બાવની'ના પાઠ કરવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. બપોરે ૧૨ઃ૦૦ કલાકે મહાઆરતી પ?ાત ૧૨ઃ૩૦ થી ૩ઃ૦૦ વાગ્યા દરમિયાન યોજાયેલ ભવ્ય મહા-સાદનો મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે દર્શનાર્થીઓની સુવિધા માટે સવારે ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી દર્શન ખુલ્લા રાખવામાં આવ્યા હતા. ટ્રસ્ટી મંડળ અને શુભેચ્છકો દ્વારા તમામ ધર્મપ્રેમી ભક્તો અને સ્નેહીજનો માટે દર્શન તેમજ મહાપ્રસાદનું સુંદર આયોજન કરાયું હતું.

## સુરતમાં લાયન્સ ડિસ્ટ્રિક્ટ 3232 F2ના નવા નેતૃત્વનું કેબિનેટ ઈન્સ્ટોલેશન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ જર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના ૨૩મા ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ઈન્સ્ટોલેશન સમારોહનું આયોજન તા.૨ ઓગસ્ટે સવારે ૮:૩૦ કલાકે ધ ફર્ન વિશ્રાંતા બાય મેરિયોટ, કામરેજ (સુરત) ખાતે થશે. જિલ્લા ગવર્નર લાયન હેમલ પટેલના નેતૃત્વ હેઠળ યોજાનારા સમારોહમાં નવા હોદ્દેદારો સેવા અને નેતૃત્વના સંકલ્પ સાથે કાર્યભાર સંભાળશે. લાયન રાજ મુચ્છાલ ઈન્સ્ટોલિંગ ઓફિસર, લાયન આરથી ધનબાલન સ્પેશિયલ ગેસ્ટ અને ઈમિડિયેટ પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન મોના દેસાઈ ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહેશે.

સમારોહ દરમિયાન ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન પ્રિયંકા જૈન રાવલ, સેકન્ડ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન દર્શના તુર્કિયા, ડિસ્ટ્રિક્ટ કેબિનેટ સેક્રેટરી લાયન કીર્તિ ખિલોશિયા તથા ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ટ્રેઝરર લાયન પલેશ ખમાર સહિત ડિસ્ટ્રિક્ટ કેબિનેટના તમામ હોદ્દેદારો, રીજન ચેરપર્સન, ઝોન ચેરપર્સન, GAT ટીમ તથા અન્ય ડિસ્ટ્રિક્ટ અધિકારીઓનું વિધિવત્ ઈન્સ્ટોલેશન થશે તેમજ આગામી વર્ષના સેવા સંકલ્પો જાહેર કરવામાં આવશે.

## વાપીમાં પૂર્વ અને પશ્ચિમ છેડે ફાયર સ્ટેશન ઊભી કરવાની જરૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** એક સપ્તાહ પહેલાં વાપી પંથકમાં આવેલા ભીષણ પૂર બાદ વાપી મહાનગરપાલિકા હદમાં ફાયર સ્ટેશનનું વિસ્તરણ કરવાની માંગ વધુ જોર પકડી રહી છે. પૂર સમયે અનેક વિસ્તારોમાં બચાવ ટીમો સમયસર પહોંચી શકી ન હતી, જેના કારણે નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. વર્તમાનમાં વાપીમાં એક જ ફાયર સ્ટેશન કાર્યરત છે. જ્યારે મહાનગરપાલિકાની હદ ૭૪ સ્ક્વેર કિલોમીટર સુધી વિસ્તરી ચૂકી છે. પૂર દરમિયાન પૂર્વ છેડાના બલીઠા, સલવાવ, છીરી, છરવાડા અને કરવડ જેવા ગામોમાં તેમજ પશ્ચિમ છેડાના મોરાઈ, વટાર, કુંતા વિસ્તારોમાં રેસ્ક્યુ ટીમ અને લશ્કરને પહોંચવામાં વિલંબ થયો હતો. સાંકડા રસ્તા અને પાણીના ભરાવાને કારણે સમયસર મદદ ન મળતાં અનેક પરિવારો ફસાયા હતાં.નાગરિકોની માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક સર્વે કરીને વાપી પૂર્વ અને પશ્ચિમમાં નવા ફાયર સ્ટેશનની જાહેરાત કરવામાં આવે. પૂરે ફરી એક વાર શીખ આપી છે કે સુવિધાઓનું વિસ્તરણ જીવ બચાવી શકે છે.

# આંદોલન બંધ, રાજકારણ ચાલુ

પેપર લીક વિરોધી આંદોલન પછી કેન્દ્ર સરકારે ભવિષ્યમાં પેપર ફૂટે નહીં તે માટે કાયદામાં સખત સજાનો પ્રબંધ કર્યો છે. તેથી સમાધાન થયું છે, આંદોલન બંધ થયું છે પણ રાજકારણ શરૂ થયું છે તે આગામી ચૂંટણી સુધી ચાલશે! સંસદમાં અને બહાર રાહુલ ગાંધી કેન્દ્રમાં રહ્યા છે, આક્રમક રહ્યા છે અને કેન્દ્ર સરકાર સંરક્ષણ ભૂમિકામાં રહી છે. રાહુલ ગાંધીનો હાથ આંદોલનના રાજકારણમાં ઉપર રહ્યો છે! લીક વિરોધી ખરડો સંસદમાં પસાર થયો તે સરકારની સિદ્ધિ ગણી શકાય પણ સંસદની ચર્ચા દરમિયાન પોલીસ - દમનનો મુદ્દો મહત્ત્વનો બનાવીને રાહુલ ગાંધીએ વિદ્યાર્થી નેતાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ આગેવાની લઈ રહ્યા છે. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું આવ્યા પછી અમિતભાઈ શાહ અને આખરે વડા પ્રધાનના રાજીનામાની માગણી સંસદ બહાર અને સંસદમાં ઉઠાવાઈ છે. અભિજિત દીપકે ફરીથી આંદોલન શરૂ કરવાની ધમકી આપે છે. તેઓ રાજકારણ ચગાવવા માટે કહે છે કે ભાજપમાં જોડાવાનો ઈનકાર કર્યો એટલે ધમકી મળી! કોક્રોચ પાર્ટીના નામે ઉમેદવાર ઊભા રાખી શકાય નહીં તો અન્ય વિરોધ પક્ષોના ઉમેદવારોને સર્ટિફિકેટ - સમર્થન અપાશે. વિપક્ષોમાં તો આંદોલનને સમર્થન આપવા અને ચૂંટણીમાં સમર્થન મેળવવાની હરીફાઈ છે!

પેપર લીક વિરોધી આંદોલનમાં કોઈ રાજકીય નેતાગીરી નથી અને નહીં હોય એવીસ્પષ્ટતા થઈ છે. છતાં- હવે નેતા કોણ અને રાજકીય લાભ કોને મળશે - તેની ચર્ચા શરૂ થઈ છે. હકીકતમાં સ્પર્ધા શરૂ થઈ છે! અભિજિત દીપકેના શબ્દો છે, સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે જો કોક્રોચ શબ્દ આપ્યો હોત નહીં તો કોક્રોચ જનતા પાર્ટીનો જન્મ થયો હોત નહીં... આ શબ્દ સાંભળ્યા પછી સીજેપીની સ્થાપના કરીને હું અમેરિકાથી ભારત આવ્યો. આંદોલન સફળ થયું અને કેન્દ્રીય પ્રધાને રાજીનામું આપ્યું... અભિજિતની વાત સાચી છે પણ 'ફૂટી ન્યાયમૂર્તિએ અલગ સંદર્ભમાં નીકળતી અરજીઓ અંગે આ વિશેષણ વાપર્યું અને આંદોલન માટે શબ્દ એક શસ્ત્ર બની શકે છે તે આપણે જોયું. અલબત્ત, શબ્દ વિશેષણ બન્યો પણ આંદોલન કરનારા વિદ્યાર્થીઓ કોક્રોચ - વંદા નથી! હકીકતમાં વિદ્યાર્થી આંદોલને રાજકારણને ધમરોળી નાખ્યું છે. સમાજને ઢંઢોળી નાખ્યો છે. પ્રણાલિકાગત મીડિયા સામે ઈન્સ્ટાગ્રામ અને આઈટીનો પડકાર થયો છે. અખબારો અને ટીવી ચેનલોની અસર ઓસરી ગઈ છે. સુપ્રીમ કોર્ટ પણ હવે શબ્દો તોળે છે - અર્થનો અનર્થ થાય નહીં. ઈન્દ્રાસનનું નિદ્રાસન થાય નહીં તેની કાળજી રખાય છે. ખુદ મુખ્ય ન્યાયમૂર્તિએ એમના શબ્દપ્રયોગ અંગે ખુલાસો કર્યો. હવે સરકાર સાથે સુપ્રીમ કોર્ટની પણ કસોટી છે. વિદ્યાર્થીઓને કાનૂની- કાર્યવાહીમાંથી મુક્તિ મળે તો કાયદો-વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિભાવતા પોલીસકર્મીને અપરાધી ગણવા? આથી હવે આવા



સંજોગોમાં બળ-શસ્ત્ર પ્રયોગ અંગે સમગ્ર દેશમાં એકસમાન નિયમ હોવા જોઈએ એ વિષયમાં વિચારણા શરૂ થઈ છે. ટીનેજરોને છોડી મૂકવા જણાવાયું છે ત્યારે અભિજિતે ચેતવણી - ધમકી આપી છે કે એક પણ કેસ ચાલુ રહ્યો તો આંદોલન ફરીથી શરૂ થશે!

રાજધાનીમાં - સંસદ માર્ગ ઉપર કોનોટ પ્લેસ નજીક જંતરમંતરથી વિદ્યાર્થીઓનો ધસારો સંસદ ભવન ભણી થઈ રહ્યો હતો ત્યારે પોલીસે નાકાબંધી કરી. પણ કલ્પના કરો કે ધસારો આગળ વધ્યો હોત અને સંસદના દ્વાર ઉપર, ધમાલ હિંસાચાર થયો હોય તો? સંસદ, સરકાર, લોકતંત્ર તમામ ઘાયલ થયા હોત. આ સંજોગો અને શક્યતાનો પણ વિચાર કરવો જોઈએ. પોલીસ નિષ્ક્રિય રહી શકે?

આ પછી રાજકારણ શરૂ થયું. જંતરમંતર ઉપર રાહુલ ગાંધી હાજર ન હતા કારણ કે એવી છાપ હતી કે આમાં અરવિંદ કેજરીવાલનો હાથ છે અને અભિજિત બીજા કેજરીવાલ બની જાય તો કોંગ્રેસ - અને ભાજપને પણ ભારે પડે! આથી બીજા દિવસે મલ્લિકાર્જુન ખડગેનો જન્મદિવસ હતો ત્યાં નેતાઓ ભેગા મળ્યા અને રાહુલ ગાંધીની પાછળ પાછળ સૌ વડા પ્રધાનના નિવાસસ્થાને જાય એવો સંદેશો મળતાં આંદોલનકારો તે દિશામાં જવા લાગ્યા.

**વિશ્લેષણ**
**કુન્દન વ્યાસ**

અલબત્ત, બધા વિદ્યાર્થીઓ હતા કે પછી રાજકીય કાર્યકરો પણ હતા? ગમે તેમ પણ રાહુલ ગાંધી સફળ થયા વિદ્યાર્થીઓ માટે ધરણા કરવા બેઠા એવી છાપ પડી. શરદ પવાર અને અખિલેશ યાદવ પણ એમનેમળવા, મનાવવા ગયા! પોલીસે અટકાયત કરી પણ મોડી રાતે છોડી મૂક્યા.

ભૂતકાળમાં જનતા સરકાર વખતે મોરારજીભાઈની નામંજૂરી છતાં ચૌધરી ચરણસિંહે ઈન્દિરા ગાંધીની ધરપકડ કરીને પોલીસ થાણે લઈ જવાના આદેશ આપ્યા. ઈન્દિરાજીની પાછળ અને સાથે જાણે આખું દિલ્હી ઉમટ્યું હતું. કોંગ્રેસની વાપસી ત્યારે શરૂ થઈ હતી! રાહુલ ગાંધીના કેસમાં આવી ભૂલ થઈ નથી. તે છતાં વિપક્ષી નેતા તરીકે રાહુલ ગાંધીએ અન્ય વિરોધી નેતાઓને પાછળ પાડી દીધા છે! અત્યાર સુધીની એમની તમામ નિષ્ફળતા ભુલાવી દેવાનો પ્રયાસ છે. આ ઘટનાથી કેજરીવાલ પણ દૂર-અળગા રહ્યા.

આ રાજકીય શતરંજમાં કેન્દ્ર સરકારે સોનમ વાંગચૂકને મનાવી લીધા. ૨૬ દિવસના અનશન પછી પારણાં કર્યાં - પ્રધાન ધર્મેન્દ્રના રાજીનામાની માગણી કરી નહીં તેથી જંતરમંતરમાં નેતાઓ નિરાશ - નારાજ થયા. સોનમ સાથે સમજૂતી પછી સરકાર વધુ સક્રિય બની પણ વિરોધી નેતાઓ ધર્મેન્દ્રના રાજીનામા માટે આક્રમક બન્યા તેથી અભિજિત અને એમના સાથીઓએ જોડાવું જ પડે.

આ પછી કેન્દ્ર સરકાર પ્રવક્તાઓને કહે ત્યારે અને ત્યાં મળવા તૈયારી મળવા બતાવી.

આખરે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું તેની જાણ અને જાહેરાત વિદ્યાર્થી નેતાઓએ કરી - કોઈ રાજકીય નેતાઓને સમજૂતી સમાધાનમાં સ્થાન ન હતું! સમાધાન પહેલાં વડા પ્રધાન મોદીએ વિશેષ અદાલત અને કાયદાની જાહેરાત કરી હતી. તેથી લોકસભાની બેઠકમાં પ્રસ્તાવ ખરડો રજૂ થનાર હતો. અત્યાર સુધી સરકારનો વિરોધ કરવા માટે સંસદ બહાર સૂત્રો પોકારતા વિપક્ષોએ બીજા દિવસે ગૃહમાં આવવું જ પડે એવી સ્થિતિ હતી. આવે નહીં અને સરકારી ખરડાને ટેકો આપે નહીં તો વિદ્યાર્થીઓનાઅહિતનો આક્ષેપ થાય અને છેલ્લા બે-ત્રણ દિવસના પ્લાન - વ્યૂહ ઉપર પાણી ફરી વળે. આમ સરકારે હાથ ઉપર રાખ્યો અને ઠરાવ ઉપર ચર્ચા શરૂ થઈ પણ ચર્ચા દરમિયાન ખરડાની જોગવાઈ ઉપર ધ્યાન આપવાને અત્યાચાર ઉપર બદલે પોલીસના દમનુ ભાષણો થયાં. વિદ્યાર્થીઓ આતંકવાદી છે? એવા પ્રશ્ન ઉઠાવીને પ્રિયંકાએ સહાનુભૂતિ દર્શાવી! સરકાર પણ સમયવર્તે સાવધાન હતી. જે આંદોલન લંબાય, હિંસાચાર વધે-ઉશ્કેરાટમાં કોઈ વિદ્યાર્થી આત્મદહન કરે તો વાત વણસી જાય. મહત્ત્વના આઠ ખરડા, મહિલા આરક્ષણ, એક રાષ્ટ્ર એક ચૂંટણી પણ ખોરંભે પડે.

ભાજપ સાથે એનડીએમાંજોડાયેલા-જોડાવા માગતા સભ્યો ડગી જાય એવી શક્યતાનો વિચાર હોવો જોઈએ. આથી સર સલામત તો પઘડિયાં બહુત?

વિપક્ષી નેતાઓએ લોકસભાની ચર્ચામાં વડા પ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ ઉપર ટીકા-પ્રહાર અને આક્ષેપ કર્યા. પ્રધાનમંત્રીને બચાવવા માટે પ્રધાન પડતા મુકાયા - એમ કહેવાયું. જંતરમંતર ઉપર પણ મોદી ઉપર અસભ્ય ભાષા અને આક્ષેપો થયા. સંસદ અને ભારતીય સેનાની ઠેકડી ઉડાવવામાં આવી. આંદોલનમાં વિદ્યાર્થીઓની બહુમતી હતી પણ અસામાજિક અને દેશવિરોધી તત્ત્વો સામેલ થઈ ગયા હતા એમ આંદોલન પ્રવક્તાએ પણ કબૂલ્યું છે!

વડા પ્રધાન મોદીએ બેટીઓ, મહિલાઓ, કિસાનોના ઉત્કર્ષ માટે પગલાં લીધાં છે, ભ્રષ્ટાચાર ડામવા ડાયરેક્ટ બેનિફિટ યોજના શરૂ કરી છે. ગરીબ મધ્યમ વર્ગ માટે રહેઠાણ આવાસ યોજના છે પણ વિકાસ યાત્રામાં વિદ્યાર્થીઓને 'પેપર લીક-મ ૧/૮ બનાવવા અને ભ્રષ્ટાચાર ખતમ કરવાની દિશામાં પગલાં ભુલાઈ ગયાં! ઉચ્ચ અભ્યાસ કરવા માટે મહેનત, જહેમત કરતા મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ અને પરિવારો પરેશાન, નિરાશ થાય છે તે પ્રતિ ધ્યાન ગયું નહીં. શિક્ષિત બેકારોની સંખ્યા વધતી ગઈ છે: અલબત્ત, ઔદ્યોગિકીકરણના પ્રયાસમાં રાજકીય અવરોધ હોવાથી બેકારીની સમસ્યાનું નિરાકરણ આસાન નથી.

શિક્ષણ અને સ્વાસ્થ્ય આ બંને ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર હોય ત્યારે સમાજનો વિકાસ રુંધાય અને પતન થાય છે. હવે પેપર લીકનો ભ્રષ્ટાચાર ખતમ કરવાની શરૂઆત થઈ છે પણ શિક્ષણની સુવિધાઓ વધારવાની જરૂર છે. કોચિંગ ક્લાસથી જ સુધારાની શરૂઆત થાય.

આજનાં બાળકો વિદ્યાર્થીઓ ભવિષ્યના નાગરિકો છે, ભારતનું ભવિષ્ય એમના હાથમાં મૂકવા માટે શિક્ષણ ક્ષેત્ર સુધારવાની જરૂર છે રાજકીય મેદાન આપવાથી નહીં.

# ફ્રેન્ડ્સ : તમને ઝેન-ઝી સાથે અનુકુલન સાધતા આવડે છે?

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

સમયનું ચક્ર જ્યારે ફરે છે ત્યારે તેની સાથે માત્ર વર્ષો નથી બદલાતા, પરંતુ પેઢીઓની માનસિકતા, તેમની ભાષા અને તેમના વિચારો વ્યક્ત કરવાની શૈલી પણ બદલાઈ જાય છે. તાજેતરના સમયમાં સીજેપી આંદોલન દરમિયાન આપણે સૌએ જોયું કે શરૂઆતમાં એવો એક સૂર ઉઠ્યો હતો કે આજની નવી પેઢી કે યુવાનો પોતાના મુદ્દા પર વધુ સમય ટકી નહીં શકે. લોકો એવું માનતા હતા કે યુવાનીની નાદાની કે ક્ષણિક આવેશમાં શરૂ થયેલું આ આંદોલન ધીમે ધીમે ફંટાઈ જશે, વિખેરાઈ જશે અને સત્તાધીશો કે સરકાર પર તેની કોઈ ખાસ અસર નહીં પડે. પરંતુ જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ આ ચિત્ર તદ્દન ઊલટું સાબિત થયું. આ યુવાનો પોતાની માંગણીઓ પ્રત્યે અતિશય સ્પષ્ટ રહ્યા, તેમનો અવાજ વધુ બુલંદ બનતો ગયો અને તેમની મક્કમતાએ સાબિત કરી દીધું કે નવી પેઢીને હળવાશથી લેવાની ભૂલ ભારે પડી શકે છે. પરિણામે, સરકારે પણ ગંભીરતાથી વિચાર કરવાની ફરજ પડી.

આ આખી ઘટનામાં રાજકીય પાસાંઓ સિવાય જે સૌથી વધુ ધ્યાન ખેંચનારી અને શીખવા જેવી બાબત હતી તે હતી સંવાદની શૈલીમાં લાવવામાં આવેલું પરિવર્તન. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરિસ્થિતિની નજાકત અને નવી પેઢીના મૂડને પારખીને ત્વરિત અનુકુલન સાધ્યું. તેમણે પરંપરાગત ભાષણો કે ઔપચારિક મંચો છોડીને ઝેન-ઝી (Gen-Z) એટલે કે આજના યુવાનોને ગમે તે રીતે ઈન્સ્ટાગ્રામ પર સેલ્ફી મોડમાં વીડિયો શૂટ કરવાનું શરૂ કર્યું. યુવાનો જે માધ્યમ પર સૌથી વધુ સક્રિય હતા તે જ માધ્યમ પસંદ કરીને, તેમની જ ભાષા અને તેમના જ શૈલી-ટ્રેન્ડ્સનો ઉપયોગ કરીને તેમની સાથે સીધો સંવાદ સાધ્યો. આ કોઈ સામાન્ય બાબત નહોતી. આ ઘટના એ વાતનો જીવંત પુરાવો હતી કે જો તમારે નવી પેઢી સુધી તમારો અવાજ પહોંચાડવો હોય અથવા તેમની સાથે અસરકારક રીતે જોડાવું હોય, તો તમારે તમારા જૂના આગ્રહો છોડીને તેમના ટ્રેન્ડ્સ અને તેમની દુનિયામાં પ્રવેશ કરવો જ પડે.

આ પ્રસંગ આપણને સૌને એક બહુ મોટો અને ઊંડો પ્રશ્ન પૂછે છે શું આપણને આપણી દૈનિક જિંદગીમાં, આપણા ઘરમાં કે આપણા સંતાનો સાથે આવું અનુકુલન સાધતાં આવડે છે? અને આવું અનુકુલન સાધવું આજના સમયમાં શા માટે આટલું બધું જરૂરી બની ગયું છે?

આજે મોટાભાગના વાલીઓ કે વડીલોની સૌથી મોટી ફરિયાદ એ હોય છે કે નવી પેઢી તેમની વાત સાંભળતી નથી, ઘરમાં સુમેળ નથી રહેતો કે બાળકો પોતાની અલગ જ દુનિયામાં ખોવાયેલા રહે છે. પરંતુ જો આપણે ઊંડાણપૂર્વક વિચારીએ તો સમજાશે કે સંવાદ તૂટવાનું મુખ્ય કારણ જનરેશન ગેપ નથી, પણ અનુકુલન સાધવાની આપણી અનિચ્છા છે. આપણે ઘણીવાર એવું ઈચ્છીએ છીએ કે આપણાં બાળકો કે નવી પેઢી આપણા જમાનાના નિયમો, આપણી ભાષા અને આપણી વિચારસરણી મુજબ વર્તે. પણ વાસ્તવિકતા એ છે કે સમય ક્યારેય રિવર્સ ગિયરમાં ચાલતો નથી. જો નેતાઓ કે વૈશ્વિક બ્રાન્ડ્સ યુવાનો સુધી પહોંચવા માટે તેમની ભાષા અને તેમનાં સોશિયલ મીડિયા ટ્રેન્ડ્સ શીખી શકતા હોય, તો એક માતા-પિતા તરીકે કે સમાજના વડીલ તરીકે આપણે કેમ આપણી માનસિકતામાં થોડી લવચિકતા ના લાવી શકીએ? નવી પેઢી સાથે સુમેળ સાધવા માટેનું પહેલું પગથિયું છે - તેમની દુનિયાને સ્વીકારવી અને સમજવી. આજનો યુવાન ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા અને ટેકનોલોજીના અતિ ઝડપી યુગમાં ઉછરી રહ્યો છે. તેની અભિવ્યક્તિની રીત અલગ છે, તેના આદર્શો અલગ છે અને તેના તણાવના કારણો પણ અલગ છે. જ્યારે આપણે તેમના રીલ્સ, તેમના મીમ્સ, તેમની ઓનલાઈન ભાષા કે તેમની લાઈફસ્ટાઈલને 'નકામી' કે 'સમયનો બગાડ' કહીને નકારી કાઢીએ છીએ, ત્યારે જ આપણે તેમની સાથે સંવાદનો દરવાજો બંધ કરી દઈએ છીએ. એના બદલે જો આપણે તેમના ટ્રેન્ડ્સ પ્રત્યે થોડી જિજ્ઞાસા દર્શાવીએ, તે શું જોઈ રહ્યા છે કે શું વિચારી રહ્યા છે તેમાં રસ લઈએ, તો તેમને એવો અહેસાસ થાય છે કે તેઓ સમજાઈ રહ્યા છે.

અનુકુલન સાધવાનો અર્થ એવો ક્યારેય નથી કે તમારે તમારી મર્યાદાઓ કે સંસ્કારો છોડી દેવાના છે. તેનો સાચો અર્થ એ છે કે તમારે સંચારના માધ્યમો અને અભિવ્યક્તિની શૈલી બદલવાની છે. જેમ રેડિયોના જમાનામાં ટીવી આવ્યું અને આજે સ્માર્ટફોનનો યુગ છે, તેમ સંદેશો એ જ રહે છે પરંતુ પ્રસારણનું માધ્યમ બદલાઈ જાય છે. જો તમે તમારાં સંતાનોને કોઈ શિખામણ કે મૂલ્ય આપવા માંગતા હો, તો તેમને ઔપચારિક કે આદેશાત્મક ભાષામાં કહેવાને બદલે તેમની સાથે મિત્ર બનીને, તેમની સાથે બેસીને કે તેમના પ્રિય માધ્યમ દ્વારા કહેશો તો તેની અસર દસ ગણી વધુ થશે.

વળી, આજના યુવાનો કે ઝેન-ઝી પેઢી અત્યંત જાગૃત અને તાર્કિક છે. તેઓ માત્ર એટલા માટે કોઈ વાત નહીં માને કારણ કે તે કોઈ વડીલે કહી છે. તેઓ કારણ પૂછશે, તર્ક માગશે અને પોતાના વિચારો રજૂ કરશે. સીજેપી આંદોલન દરમિયાન યુવાનોની સ્પષ્ટતા અને ઝનૂને સાબિત કર્યું કે આ પેઢી ભલે સોશિયલ મીડિયામાં મસ્ત દેખાતી હોય, પણ જ્યારે પોતાના હકની કે પોતાના ભવિષ્યની વાત આવે ત્યારે તેઓ ખૂબ ગંભીર છે. આવી પેઢી સાથે જો તમારે તાલમેલ મિલાવવો હોય તો તમારે હુકમ ચલાવનાર વાલી બનવાને બદલે એક સહાનુભૂતિપૂર્વક સાંભળનાર બનવું પડે.

સુમેળ સાધવા માટે આપણે આપણી 'અહંકાર' કે 'હું મોટો છું' વાળી માનસિકતામાંથી બહાર આવવું પડશે. જ્યારે આપણે બાળકો કે યુવાનો સાથે તેમના લેવલ પર જઈને વાત કરીએ છીએ—પછી તે તેમની સાથે ગેમિંગ વિશે વાત કરવાની હોય, ઈન્સ્ટાગ્રામના કોઈ ટ્રેન્ડ પર હસવાની હોય કે પછી તેમના મનની મૂંઝવણ સેલ્ફી મોડ જેવા સરળ અને અનૌપચારિક વાતાવરણમાં સાંભળવાની હોય—ત્યારે જ ખરા અર્થમાં પેઢીઓ વચ્ચેનો સેતુ બંધાય છે.

અનુકુલન એ નબળાઈ નથી પરંતુ પક્ષી જેવા ખુલ્લા મનની અને સમજુ વ્યક્તિત્વની ઓળખ છે. બદલાતા સમય સાથે જે વૃક્ષ વળે છે તે જ વાવાઝોડામાં ટકી રહે છે, જે કઠોર રહે છે તે તૂટી જાય છે. આપણા પરિવારમાં, ઘરમાં અને સમાજમાં સંબંધોની મધુરતા જાળવી રાખવા માટે નવી પેઢીના રંગમાં થોડું રંગાવું, તેમની ભાષા સમજવી અને તેમની સાથે કદમથી કદમ મિલાવીને ચાલવું એ જ આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે. જો આપણે આ કળા શીખી શકીએ, તો નવી પેઢી આપણાથી દૂર ભાગવાને બદલે આપણને પોતાના સૌથી નજીકના મિત્ર અને માર્ગદર્શક માનવા લાગશે.

# સહાનુભૂતિ :વડીલની સંવેદનાની કે રાજકીય મુત્સદ્દીગીરી ?

**પ્રધાનમંત્રીએ યુવાનોને માફ કર્યા તેમાં ક્યાંય સત્તાનો અહંકાર નથી, પણ યુવાનોના સપનાઓને સાકાર કરવા માટે કટિબદ્ધ વડીલની સંવેદનાની સાથે સાથે રાજકીય મુત્સદ્દીગીરી છે. યુવાનોને માફ કરવાનો અભિગમ માત્ર દયાભાવ નહીં, પરંતુ સામાજિક સમાધાન, જનસમર્થન અને લાંબા ગાળાની રાજકીય સ્થિરતા તરફનું એક વ્યૂહાત્મક પગલું પણ ગણાય છે.**

**मनमम्**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**उपकारहतस्तु कर्तव्य।**

અર્થાત્ ઉપકાર કરીને મારવું જોઈએ. સંસ્કૃત નાટક **मृच्छकटिकम** નું આ વાક્ય છે, જેમાં શકારે અત્યાચાર કરેલા હોવા છતાં પણ નાયક ચારુદત્ત એને સજા કરવાને બદલે છોડી દેવા-માફ કરવા માટે જાહેરમાં કહે છે. ત્યારે દોષી શકાર પ્રત્યે અપરાધીને ઉપકાર કરીને મારવો જોઈએ એવા સહાનુભૂતિભર્યા શબ્દો હતા. માફ કરી દેવાની સામાન્ય લાગતી આ વાત ખરેખર તો નીતિથી ભરેલી છે, કારણ કે ક્યારેક અપરાધી માટે સજા કરતા માફી જ મોટી મોટી સજા બની જાય છે અને અપરાધીને માફ કરનારની મોટાઈ પણ દેખાય છે. વળી, જ્યારે ભૂલ કરનાર નાના હોય ત્યારે નાનાને માફ કરી દેવામાં મોટાની મોટાઈ છે. એ ભારતીય સંસ્કૃતિની શીખને પ્રધાનમંત્રી કેમના ભૂલી શકે ?



હાલમાં જંતર-મંતર ખાતે બનેલી ઘટનાઓએ સમગ્ર દેશના અંતરાત્માને હચમચાવી દીધો. CJPના નેતૃત્વ હેઠળનાં વિરોધ પ્રદર્શનના નામે યુવાનોએ પ્રધાનમંત્રી મોદી માટે માત્ર નિષેધાત્મક માનસિકતા કે અત્યંત તિરસ્કારપૂર્ણ ભાષાનો જ પ્રયોગ કર્યો એવું નથી પણ તેમણે પ્રધાનમંત્રીના પદની ગરિમા પણ નથી જાળવી. એ ઉપરાંત પ્રધાનમંત્રીના વ્યક્તિગત જીવન વિશે પણ અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો અને પ્રધાનમંત્રીના સ્વર્ગીય માતા વિશે પણ અત્યંત અભદ્ર અને અશોભનીય ટિપ્પણીઓ કરી. સામાજિક દ્રષ્ટિએ આ ખરેખર ગંભીર 'સાંસ્કૃતિક આઘાત' (Cultural Shock) દર્શાવે છે!

કહેવાતા વિદ્યાર્થીઓ, એમાંય વળી છોકરીઓ દ્વારા લખાયેલી, બોલાયેલી ગાળો તો એ દર્શાવે છે કે હવે આપણો ભારતીય સમાજ આધુનિક અને વિકસિત થઈ રહ્યો છે!! વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ સાથે આપણે સૌ સહમત હોવા છતાં વિરોધના નામે વિદ્યાર્થીઓ પ્ર વિદ્યાર્થીનીનીઓની અભદ્ર ભાષા શું શૈક્ષણિક પ્રગતિ દર્શાવે છે? જોકે, OTTના પ્રભાવને કારણે જાહેરમાં બોલાતી ગાળો માટે કેટલાંક કહેવાતા બુદ્ધિજીવીઓ કે સેલિબ્રિટીઝને વાંધો નથી, એમને મન આ સહજ છે. પણ આ સુધરેલા સામાજિકોને પોતાના જ ઘરમાં પોતાના સંતાનો આ રીતે ગાળો બોલતા સારા લાગતા હશે જ ને? જવા દો, પણ અશોભનીય ભાષાનો પ્રયોગ કરનારા વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનારા બૌદ્ધિકો અને પ્રધાનમંત્રીએ દાખવેલી સહાનુભૂતિ બંને વચ્ચે કોઈ અંતર છે ને?

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સહાનુભૂતિમાં રાજકીય પ્રતિશોધને બદલે આત્મીયતા અને ઉચ્ચકક્ષાની મુત્સદ્દીગીરી છે. તેમાં રાજકીય નફા-નુકસાનને બદલે સમાજ અને યુવાનો માટેનો વિધાયક દ્રષ્ટિકોણ જોવા મળે છે. આથી જ તો ઉત્પાત કરનારા યુવાનોને તેમણે શત્રુ ગણવાને બદલે ગેરમાર્ગે દોરાયેલા બાળકો તરીકે સંબોધ્યા. તેમનું સ્પષ્ટ માનવું છે કે આ યુવાનોને અદાલતોના આંટાફેરા કરાવવા કે હેરાન કરવાથી પરિસ્થિતિમાં કોઈ સકારાત્મક પરિવર્તન આવશે નહીં. તેમણે યુવાનોની આ ભૂલને 'દાંત અને જીભના હૃદયસ્પર્શી ઉદાહરણથી સમજાવી. જેમ ક્યારેક આપણા જ દાંત નીચે આપણી જ જીભ ચવાઈ જાય અને લોહી નીકળે છતાંય આપણે દાંત તોડી નાખતા નથી. કારણ કે દાંત પણ આપણા અને જીભ પણ આપણી જ છે. તેમજ આપણાં બાળકો માર્ગ અને મતિ ભ્રમિત થયા છે તો તેમને સાચો રસ્તો દેખાડવો એ જ આપણું કર્તવ્ય છે. આમ, તેમણે સ્પષ્ટ કર્યું છે કે ભલે યુવાનોની વાણીથી તેમને વ્યક્તિગત પીડા થઈ હોય પણ આ યુવાનો રાષ્ટ્રરૂપી શરીરનો જ હિસ્સો છે તેથી તેમને સજાને બહાને સમાજથી જુદા કરવા યોગ્ય નથી, પરંતુ તેમને સાચવીને સાચી દિશા આપવી એ જ રાષ્ટ્રહિત છે.

આ સાથે જ તેમણે યુવાનોને પોતાની ભૂલોમાંથી શીખીને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગેકુચ કરવાનુ આહ્વાન કર્યું છે,

ગેરમાર્ગે ન દોરાતા નકારાત્મકતાના ચક્રમાંથી બહાર નીકળી રાષ્ટ્રનિર્માણમાં જોડાવા અપીલ કરી છે. કારણ કે જ્યારે દેશ પ્રગતિ કરી રહ્યો છે ત્યારે યુવાનોની પ્રગતિ પણ નિશ્ચિત જ છે.

પીએમ મોદીએ કાઉન્ટર-ઈન્ટ્યુઈટિવ માર્ગ પસંદ કરી યુવાનો પ્રત્યે માત્ર ઉદારતાભર્યું પગલું જ નથી ઉપાડ્યું, પણ એક ઊંડી રાજકીય સમજ દેખાડી છે, જેનાથી ધ્રુવીકરણ અટકી શકે અને સામાજિક સમરસતા સ્થાપિત થઈ શકે. આક્રમકતાનો જવાબ આત્મીયતાથી આપીને તેમણે એક રાજનેતા (Politician) માંથી રાજર્ષિ (Statesman) તરફની પોતાની છબીને વધુ દ્રઢ કરી છે.

ખરેખર યુવાનોને માફ કરવાના તેમના નિર્ણય પાછળ રાજકીય મુત્સદ્દીગીરી પણ છે જ. જેમકે, યુવાનો દેશના સૌથી મોટા મતદાતા છે; તેથી તેમને દૂર ધકેલવાને બદલે સાથે રાખવાનો પ્રયાસ રાજકીય રીતે મહત્વપૂર્ણ બને છે. તો ભૂલ કરનારા અથવા આંદોલનોમાં જોડાયેલા યુવાનોને સુધરવાની તક આપવાથી સરકાર સંવેદનશીલ અને સમાવિષ્ટ હોવાનો સંદેશ યુવાનોમાં પહોંચશે જે તેમની રાજકીય છબી વધુ મજબૂત બનાવશે. યુવાનોમાં અસંતોષ ઓછો કરવા માટે જ તેમણે યુવાનો પ્રત્યે કડક કાર્યવાહી અને ક્ષમાશીલતા વચ્ચે સંતુલન જાળવીને સરકાર કાયદાનું માન જાળવે છે એવો સંદેશો આપ્યો છે. જેનાથી યુવાનોમાં સરકાર પ્રત્યે વિશ્વાસ અને જોડાણની ભાવના વધુ મજબૂત થઈ શકે, જે લાંબા ગાળે રાજકીય સમર્થન માટે અનુકૂળ બને છે.

ટૂંકમાં, પ્રધાનમંત્રીએ યુવાનોને માફ કર્યા તેમાં ક્યાંય સત્તાનો અહંકાર નથી, પણ યુવાનોના સપનાઓને સાકાર કરવા માટે કટિબદ્ધ વડીલની સંવેદનાની સાથે સાથે રાજકીય મુત્સદ્દીગીરી છે.

યુવાનોને માફ કરવાનો અભિગમ માત્ર દયાભાવ નહીં, પરંતુ સામાજિક સમાધાન, જનસમર્થન અને લાંબા ગાળાની રાજકીય સ્થિરતા તરફનું એક વ્યૂહાત્મક પગલું પણ ગણાય છે.

DGT
આપનું અખબાર : આપની અવાજ

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913



## કપરાડામાં ડુંગરો ચઢીને પૂરગ્રસ્તોને મદદ પહોંચાડી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૨ :** વલસાડ જિલ્લા માં થોડા દિવસ પહેલા ભારે તારાજી સર્જી હતી. જેમાં અસંખ્યો પરિવારો અસરગ્રસ્ત બન્યા હતા. જિલ્લામાં રાજકીય,સેવાભાવી સંસ્થાઓ ઉપરાંત સેવાભાવી વ્યક્તિઓ લોકોની પડખે સ્વયંભૂ આવી વિવિધ પ્રકારની કિટ્સનું વિતરણ કરવા માં આવ્યું હતું અને આવી રહ્યું છે. સરકાર દ્વારા પણ તાત્કાલિક સરવે કરાવી સમયસર સહાય ચૂકવવા કોઈ કરકસર છોડી નથી. તેવા સંજોગોમાં કપરાડા તાલુકામાં પણ અનેક પરિવારો અસરગ્રસ્ત બન્યા હતા. જેઓના પડખે કપરાડા તાલુકા ભાજપના પદાધિકારીઓ, કાર્યકરો સાથેની ટીમ સાથે જિલ્લા પંચાયતના સિંચાઈ સહકાર અને ઉત્પાદન ખેતીવાડી સમિતિના ચેરમેન દક્ષાબેન ગાયકવાડ ડુંગરો ચઢી ચોખા વગેરે માથા પર મૂકી જરૂરિયાતમંદો સુધી પહોંચી કિટ્સનું વિતરણ કરવાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જેમાં કપરાડા ભાજપ પ્રમુખ અરવિંનભાઈ કોંતી, તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ ગાવઠા, પૂર્વ સરપંચ અને ભાજપ તાલુકા ઉપપ્રમુખ ચેંદરભાઈ ગાયકવાડ સહિતની ટીમ જીયા પગ રસ્તો પણ નથી તેવું જગિયારે કિટ્સ ઊંચકી ડુંગરો ચઢી ખરા અર્થમાં સેવા કરવામાં આવતા અસરગ્રસ્તો એ દક્ષાબેન ગાયકવાડની ટીમની આભાર વ્યક્ત કર્યો હતો.



## કપરાડા-નાનાપોંઢામાં નાગલીની રોપણી શરુ


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૨ :** કપરાડા અને નાનાપોંઢા તાલુકાના ડુંગરાળ વિસ્તારોમાં ચોમાસું સક્રિય બનતાં ખેડૂતો દ્વારા નાગલીની રોપણીનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આદિવાસી વિસ્તારોમાં નાગલી પરંપરાગત અને મહત્વનો પાક માનવામાં આવે છે. વર્ષોથી આ પાક સ્થાનિક લોકોના આહાર અને જીવનશૈલીનો અભિન્ન ભાગ રહ્યો છે. સમય બદલાવાની સાથે અનેક ખેડૂતો રોકડિયા પાકો તરફ વળ્યા હોવાથી નાગલીની ખેતીનું પ્રમાણ અગાઉની સરખામણીએ ઘટ્યું છે. તેમ છતાં આજે પણ કેટલાક જાગૃત ખેડૂતો આ પરંપરાગત પાકનું જતન કરી રહ્યા છે અને નાગલીની ખેતીને જીવંત રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. વરસાદ અનુકૂળ થતાં ખેતરોમાં રોપણીનું કામ ઉત્સાહપૂર્વક હાથ ધરાયું છે.

નાગલીને સ્થાનિક પરંપરામાં કન્સરી દેવીની મુખ્ય ખેતી તરીકે વિશેષ સ્થાન પ્રાપ્ત છે. આ પાક માત્ર ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ જ નહીં, પરંતુ પૌષ્ટિક આહાર તરીકે પણ અત્યંત ઉપયોગી માનવામાં આવે છે. નાગલીમાં કેલ્શિયમ, આયર્ન, ફાઈબર અને અન્ય જરૂરી પોષક તત્ત્વો ભરપૂર પ્રમાણમાં હોવાથી તે બાળકો, મહિલાઓ અને વૃદ્ધોના સ્વાસ્થ્ય માટે લાભદાયી ગણાય છે. ડાયાબિટીસના દર્દીઓ માટે પણ નાગલીના લોટમાંથી બનતી વાનગીઓ ઉત્તમ માનવામાં આવે છે.

સ્થાનિક ખેડૂતોનું કહેવું છે કે જો નાગલી જેવા પરંપરાગત પાકોને યોગ્ય બજાર, પ્રોત્સાહન અને વાજબી ભાવ મળે તો વધુ ખેડૂતો ફરી આ ખેતી તરફ આકર્ષિત થઈ શકે. કૃષિ નિષ્ણાતો પણ પોષણયુક્ત અનાજના વધતા મહત્વને ધ્યાનમાં રાખીને નાગલીની ખેતીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત વ્યક્ત કરી રહ્યા છે. કપરાડા અને નાનાપોંઢા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શરૂ થયેલી નાગલી રોપણી પરંપરા, પોષણ અને પ્રકૃતિ સાથે જોડાયેલા જીવનમૂલ્યોને જાળવી રાખવાનો એક સકારાત્મક પ્રયાસ બની રહી છે.

## જીરવલમાં શાળાના બાળકો અને રહીશોને પાણીની વિકટ સમસ્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૨ :** નાનાપોંઢા તાલુકાના જીરવલ ગામના બરડા ફળિયા ખાતે ચાલતી પ્રાથમિક શાળા ના બાળકો તથા આજુબાજુના રહીશો માટે પાણીનો એક માત્ર કૂવો તેમાં ચોમાસા દરમિયાન પાણી ડોહળું થઈ પીવા લાયક રહ્યું નથી.

હોવા ને લઈ શાળા માં મોટી સંખ્યામાં ભણતા બાળકો ના પીવા માટે ઉપરાંત શાળા માં ચાલતું મધ્યાહન ભોજનની રસોઈ માટે પાણીની ખુબ જરૂરિયાત હોય આ ઉપરાંત આજુ બાજુના રહીશો માટે પણ આ કૂવાનું પાણી શિવાય નું અન્ય કોઈ સુવિધા નથી હોવાનું જાણવા મળે છે .

જે ને ભર ચોમાસે પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ રહી છે. એક જાણકારી મુજબ જીરવલ ગામના બરડા ફળિયા ખાતે ૧ થી ૮ ધોરણ ની શાળા આવેલી છે. મોટીસંખ્યા માં વિધાર્થીઓ અભ્યાસ કરે છે. આ ઉપરાંત શાળાની આજુબાજુ માં મોટી સંખ્યા માં ઘરો આવેલા હોય છે. આ બધા માટે પાણીની સુવિધા માટે એક માત્ર કૂવો છે.

જે ઉનાળામાં પાણી પૂરું થઈ જાય છે . અને ચોમાસા માં પાણી થી છલોછલ ભરાઈ જાય છે. પરંતુ પાણી કાદવ વાળું ડોહલુ બની જાય છે. જેથી પીવાલાયક રહેતું નથી. જેથી આ સમસ્યા ઉનાળા અને ભર ચોમાસામાં પણ કાયમી બની ચૂકી છે. જે અંગેની વારંવાર ની રજૂઆતો છતાં શાળાના બાળકો કે અન્ય રહીશો માટે પાણી અંગેની કોઈ સુવિધા ઉપલબ્ધ કરાઈ નથી.

જેથી શાળા ના બાળકો ને માટે ઉનાળા માં અને ચોમાસા માં પણ પાણી ની સમસ્યા ઠેર ની ઠેર જોવા મળે છે. જે અંગે સંબંધિત તંત્ર સક્રિયતા દાખવે તેવી લોકો માં માંગ ઉઠી રહી છે.

‘દશેરાના દિવસે ઘોડું ન દોડ્યું’ : એક પણ મશીન કામ ન આવ્યું, હવે ફરી ગોઠવાશે કે કેમ?

## નાનાપોંઢા તાલુકામાં પૂર ચેતવણી સાયરન સિસ્ટમ નિષ્ફળ નિવડી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૨ :** નાનાપોંઢા તાલુકામાં ચોમાસા દરમિયાન નદીઓમાં આવતાં અચાનક પૂરથી લોકોને સમયસર ચેતવણી મળી રહે તે હેતુથી બે વર્ષ અગાઉ કોલક, પારનદી અને દોલધા જેવી મુખ્ય નદીઓના પુલો પર પૂર ચેતવણી સાયરન સિસ્ટમ અને વરસાદી રેલ એલર્ટ માટે ખાસ મશીનો ગોઠવવામાં આવ્યા હતા. આ મશીનોનો મુખ્ય હેતુ નદીમાં પાણીનું સ્તર જોખમી સપાટીએ પહોંચે ત્યારે સાયરન વગાડી સ્થાનિકોને સતર્ક કરવાનો હતો. જોકે આ વર્ષે ભારે વરસાદ અને પૂર જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હોવા છતાં તાલુકાના એક પણ સ્થળે સાયરન વાગ્યો ન હતો, જેના કારણે સમગ્ર વ્યવસ્થાની કામગીરી સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. તાજેતરમાં નાનાપોંઢા તાલુકામાં ભારે વરસાદને કારણે કોલક, પારનદી અને દોલધા નદીઓમાં ભારે પૂર આવ્યું હતું. અનેક પુલો પરથી પાણી ફરી વળ્યું, રસ્તાઓ બંધ થઈ ગયા અને અનેક ગામોનો સંપર્ક તૂટી ગયો હતો. આવી ગંભીર સ્થિતિમાં પૂર ચેતવણી માટે ગોઠવાયેલી સાયરન સિસ્ટમ કાર્યરત રહેવી અત્યંત જરૂરી હતી. પરંતુ સ્થાનિકોના જણાવ્યા મુજબ એક પણ સ્થળે સાયરન વાગ્યો નહીં અને લોકોને કોઈ પૂર્વચેતવણી મળી નહોતી.

સ્થાનિક ગ્રામજનોનું કહેવું છે કે મશીનો ગોઠવ્યા બાદ તેમની નિયમિત દેખરેખ, જાળવણી કે મરામત કરવામાં આવી ન હતી. પરિણામે જ્યારે તેની સૌથી વધુ જરૂર હતી ત્યારે સમગ્ર સિસ્ટમ નિષ્ફળ સાબિત થઈ. કેટલાક સ્થળોએ તો મશીનો પૂરના પ્રવાહમાં ધોવાઈ ગયા હોવાની માહિતી પણ સામે આવી છે. જેના કારણે લાખો રૂપિયાના ખર્ચે ઉભી કરાયેલી વ્યવસ્થાની અસરકારકતા અંગે સવાલો ઊભા થયા છે.ગ્રામજનોનું માનવું છે કે જો સાયરન સમયસર વાગ્યા હોત તો નદી કિનારે રહેતા લોકો, ખેડૂતો અને મુસાફરોને અગાઉથી સાવચેત થવાનો સમય મળી શક્યો હોત. ખાસ કરીને પુલ પરથી પસાર થતા વાહનચાલકો અને નદીકાંઠાના વિસ્તારોમાં રહેતા પરિવારો માટે આવી ચેતવણી જીવનરક્ષક સાબિત થઈ શકે તેમ હતી.

સ્થાનિક લોકોએ સંબંધિત વિભાગ પાસે માંગ કરી છે કે પૂર ચેતવણી માટેની સમગ્ર વ્યવસ્થાની તાત્કાલિક તપાસ કરવામાં આવે, નિષ્ક્રિય થયેલા મશીનોની જવાબદારી નક્કી કરવામાં આવે અને આગામી ચોમાસા પહેલાં નવી અને આધુનિક સાયરન સિસ્ટમ સ્થાપિત કરવામાં આવે. સાથે જ દર વર્ષે ચોમાસા પહેલાં તમામ સાધનોની તકનીકી ચકાસણી અને જાળવણી ફરજિયાત બનાવવામાં આવે જેથી ભવિષ્યમાં આવી બેદરકારીના કારણે લોકોના જીવ જોખમમાં ન મુકાય.

હાલ સ્થાનિકોમાં એક જ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે પૂરમાં નષ્ટ થયેલા સાયરન મશીનોની જગ્યાએ હવે ફરી નવી ચેતવણી સિસ્ટમ નદીના પુલો પર ગોઠવવામાં આવશે કે નહીં અને આગામી વરસાદી મોસમ પહેલાં તંત્ર આ અંગે કોઈ અસરકારક પગલાં ભરશે કે કેમ?

ચોમાસામાં દર વર્ષે સંપર્ક વિહોણું બની રહે છે

## કેળવણીમાં ચેકડેમ પરથી પાણી વહેતાં બંને છેડાના રહીશોને ભારે મુશ્કેલી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૨ :** ધરમપુર તાલુકાના કેળવણી ગામમાં બે દિવસ પહેલાં પડેલા ભારે વરસાદને પગલે ચેકડેમ ઉપરથી પાણી ફરી વળતાં ગામના બંને છેડાના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ચેકડેમ પરથી પાણીના પ્રવાહને કારણે ગામનો બહારની દુનિયા સાથેનો સંપર્ક કલાકો સુધી ખોરવાઈ ગયો હતો. હાલ પાણી ઉતરી જતાં અવરજવર સામાન્ય બની છે, પરંતુ દર વર્ષે ચોમાસા દરમિયાન આવી જ પરિસ્થિતિ સર્જાતી હોવાથી ગ્રામજનોમાં કાયમી ઉકેલની માંગ વધુ પ્રબળ બની છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ દર વર્ષે ભારે વરસાદ દરમિયાન ચેકડેમ ઉપરથી પાણી વહેતાં લોકો ગામમાં પ્રવેશી કે બહાર નીકળી શકતા નથી. રોજગારી માટે બહાર ગયેલા લોકોને ઘરે પરત ફરવામાં મુશ્કેલી પડે છે અને અનેક વખત આખી રાત ચેકડેમની બીજી બાજુ રોકાવાની ફરજ પડે છે. વિદ્યાર્થીઓ, મહિલાઓ, વૃદ્ધો અને નાના બાળકોને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ગામમાં ભ્રુણ્ક કે ઘ્રુણ્ક જેવી આરોગ્ય સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ગર્ભવતી મહિલાઓ, ગંભીર દર્દીઓ અથવા અન્ય ઈમરજન્સી પરિસ્થિતિમાં દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચાડવામાં પણ ભારે મુશ્કેલી ઊભી થાય છે. આવી સ્થિતિમાં ગ્રામજનોના જીવનું જોખમ પણ વધી જાય છે. ગામના શિક્ષિત યુવા જયદીપ પાડવીનુ કહેવું છે કે ચેકડેમના સ્થાને જો કાયમી ઊંચો પુલ અને સર્વ મોસમી રસ્તો બનાવવામાં આવે તો દર વર્ષે સર્જાતી આ ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે છે. અગાઉ પણ આ મુદ્દે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી થઈ નથી.

વર્ષ ૨૦૨૬ દરમિયાન પણ વિકાસના આ પ્રશ્ને વિવાદ સર્જાતા કામો આગળ વધી શક્યા નહોતા. ગ્રામજનોએ સંબંધિત તંત્રને સ્થળ મુલાકાત લઈને વાસ્તવિક પરિસ્થિતિનો અભ્યાસ કરવા તેમજ આગામી ચોમાસા પહેલાં ચેકડેમના સ્થાને કાયમી પુલ, સર્વ મોસમી રસ્તો અને અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે, જેથી દર વર્ષે પૂર દરમિયાન સર્જાતી હાલાકીમાંથી કેળવણી ગામના લોકોને કાયમી રાહત મળી શકે.

## ગોમતીપાડાના યુવાનો દ્વારા ૧૦૦થી વધુ લોકોનું ધસમસતાં પ્રવાહમાં સ્થળાંતર કરાવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૨ :** ભારે વરસાદ વચ્ચે જ્યાં એક તરફ રાજપૂરી જંગલ વિસ્તારના ગોમતીપાડા ગામ નજીક આવેલા નાળામાં કમર સમું પાણી પ્રચંડ વેગે વહેતું હતું ત્યારે ગામના યુવાનો માનવતાની જીવંત મિસાલ બની કુનેહ પુર્વક જોખમી બની ગયેલી પરિસ્થિતિમાં અંદાજે ૧૦૦થી વધુ લોકો ચાર કલાકથી વધુ સમય સુધી નાળાની બંને બાજુ ફસાઈ ગયેલા નવાપાડા તેમજ ગોમતીપાડાના લોકોને અતિશય પાણીના પ્રવાહ વચ્ચે થી દોરડા અને યુવાનોના સહકારથી સુરક્ષિત જગ્યાએ રેસ્ક્યુ કરાયું હતું.

આ ગંભીર સ્થિતિની જાણ થતાં ગોમતીપાડાના સામાજિક કાર્યકર ચંપકભાઈ ધનગરીયા કોઈપણ સરકારી મદદની રાહ જોયા વિના દોરડું લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા. તેમની સાથે ગામના યુવાનો પણ તાત્કાલિક બચાવ કામગીરીમાં જોડાયા અને સુવ્યવસ્થિત રીતે દોરડાની મદદથી એક પછી એક લોકોને સલામત રીતે નાળો પાર કરાવવાનું શરૂ કર્યું. યુવાનોની હિંમત, સૂઝબૂઝ અને ટીમવર્કના કારણે થોડા જ સમયમાં ૧૦૦થી વધુ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળ રહ્યા હતા સમગ્ર કામગીરી દરમિયાન દરેક યુવાને પોતાનો જીવ જોખમમાં મૂકીને લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવાનો સતત પ્રયાસ કર્યો હતો.

આ રેસ્ક્યૂ અભિયાનમાં પરસોત, ગુલાબ, નરેશ ધામણે, સંજય, મુન્ના, વિમલ, પ્રદીપ, સુનિલ ભાયજન સહિત અનેક યુવાનો ખભે ખભો મિલાવી જોડાયા હતા. ગામના યુવાનોની એકતા અને સેવાભાવ સંકટની ઘડીએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યુ હતું.

ખાસ કરીને નવાપાડા અને ગોમતીપાડા ના બંને છેડે ફસાયેલા મહિલા સહિત લોકોની સ્થિતિ અત્યંત ગંભીર હતી. પાણીનો પ્રવાહ એટલો પ્રચંડ હતો કે એક ક્ષણ માટે પણ પગ લપસે તો સીધા તણાઈ જવાની ભીતિ હતી. પરંતુ યુવાનોની સમયસરની કામગીરીના કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી હોવાનું સ્થાનિકોએ જણાવ્યુ હતું. બચાવ કામગીરી પૂર્ણ થયા બાદ સામાજિક કાર્યકર ચંપકભાઈ ધનગરીયાએ તમામ યુવાનોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, સમાજની સાચી સેવા મુશ્કેલીના સમયમાં જ થાય છે. ભવિષ્યમાં પણ આવી સંકટજનક પરિસ્થિતિ સર્જાય ત્યારે ગામનો દરેક યુવાન નિઃસ્વાર્થ ભાવથી લોકોની મદદ માટે આગળ આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી ગોમતીપાડાના યુવાનો દ્વારા કરાયેલું આ નિઃસ્વાર્થ અને માનવતાભર્યું સેવાકાર્ય માત્ર રેસ્ક્યૂ પૂરતું મર્યાદિત રહ્યું નથી, પરંતુ સંકટની ઘડીએ આજના યુવાનો કેવી રીતે આશાનું બળ બની શકે તેનું પ્રેરણાદાયી ઉદાહરણ પણ બન્યું છે.

## કપરાડા - નાનાપોંઢામાં ત્રણ મહિનાથી વૃદ્ધ પેન્શન મળ્યું નથી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૨ :** કેન્દ્ર સરકાર ની વૃદ્ધ પેન્શન યોજના આર્થિક પછાત અને નિરાધાર વૃદ્ધો માટે આશિર્વાદ નીવડેલી યોજના ના લાભ નાનાપોંઢા - કપરાડા જેવા આદિવાસી વિસ્તાર ના લાભાર્થી ઓ ને છેલ્લા બે - ત્રણ મહિના થી હપ્તા ન મળ્યા હોવા ને લઈ અનેક તર્ક - વિતર્ક થઈ રહ્યા છે. પ્રાપ્ય વિગત મુજબ કેન્દ્ર સરકાર દ્વારા વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત ૬૦ વર્ષ થી વધુ ઉંમર ના સ્ત્રી / પુરુષ ને માસિક ૧૦૦૦ રૂપિયા ખાતા માં જમા થતા હોય છે. જેથી કપરાડા - નાનાપોંઢા જેવા આદિવાસી તાલુકા માં ગરીબ આદિવાસી અને નિરાધાર વૃદ્ધો માટે ૧ હજારનું સરકાર દ્વારા આપવા માં આવતું પેન્શન ખૂબ જ મદદરૂપ પુરવાર થયું છે. એક જાણકારી મુજબ કેટલાક આર્થિક સંકડામણ અને નિરાધારો માટે એક હજાર રૂપિયા આરોગ્ય અને ખોરાક માટે ખૂબ ઉપયોગી બને છે. વ્યોવૃદ્ધ લોકો મહેનત મજૂરી કરવા અસક્ષમ હોવા ને કારણે ઉપરાંત કોઈ ના આધાર ન હોય તેવાઓ માટે આ યોજના આશીર્વાદ સમાન ગાવી શકાય છે. પરંતુ છેલ્લા બે ત્રણ મહીનાઓ થી વૃદ્ધ પેન્શન ના હપ્તા ન મળતા લોકો માં અનેક તર્ક - વિતર્ક થઈ રહ્યા છે. અને જરૂરિયાત મંદો અને નિરાધાર વયોવૃદ્ધો ની હાલત કફોડી બની હોવાનું જાણવા મળે છે. જે ને લઈ વલસાડ જિલ્લા નું સંબધિત તંત્ર જે અંગે યોગ્ય સક્રિયતા દાખવે તેવી માંગ ઉઠી રહી છે.

## ભારે વરસાદથી ઝૂકેલો વીજપોલ જી.ઈ.બી.એ તાત્કાલિક સીધો કરી જોખમ દુર કર્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૨ :** ધરમપુર તાલુકાના ઓઝપાડા ગામના ધોધ ફળિયામાં ભારે વરસાદને કારણે વીજળીનો પોલ જોખમી રીતે ઝૂકી જતાં સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી.

આ માર્ગ પરથી વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ડેરી સાથે સંકળાયેલા લોકો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોની અવરજવર હોવાથી ગામના આગેવાનોએ તાત્કાલિક જી.ઈ.બી. વિભાગને જાણ કરી હતી.

રજૂઆત મળતાં જ ધરમપુર જી.ઈ.બી.ના ડેપ્યુટી ઈજનેરના માર્ગદર્શન હેઠળ કોન્ટ્રાક્ટની ટીમ સ્થળ પર પહોંચી ઝૂકેલા પોલને મશીનરીની મદદથી સીધો કર્યો અને ભવિષ્યમાં ફરી ન ઝૂકે તે માટે સપોર્ટ વાયર બાંધી સુરક્ષિત બનાવ્યો.

સમયસર કરાયેલી આ કામગીરીથી સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. ગ્રામજનોએ જી.ઈ.બી. વિભાગ તેમજ કોન્ટ્રાક્ટર દીપેશ પટેલ અને તેમની ટીમની ઝડપી અને પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી

## નાનાપોંઢા તાલુકાનું એક અનોખું ગામ : જ્યાં એક પણ મંદિર નથી, છતાં જીવંત છે આદિવાસી પરંપરા

નાનાપોંઢા તાલુકામાં આવેલું એક એવું ગામ છે, જે પોતાની વિશિષ્ટ સામાજિક અને સાંસ્કૃતિક ઓળખના કારણે અન્ય ગામોથી અલગ પડે છે. આશરે ૧૨ ફળિયાઓ ધરાવતા આ ગામમાં મુખ્યત્વે કુંકણા અને વારલી આદિવાસી સમાજના લોકો વસવાટ કરે છે. આધુનિકતાની અસર વચ્ચે પણ આ ગામ આજે આદિવાસી જીવનશૈલી, પ્રકૃતિ પ્રત્યેની શ્રદ્ધા અને પરંપરાગત રીતરિવાજોને જીવંત રાખવાનો -યાસ કરી રહ્યું છે.

આ ગામની સૌથી નોંધપાત્ર વિશેષતા એ છે કે અહીં એક પણ હિન્દુ મંદિર નથી. સામાન્ય રીતે ગુજરાતના લગભગ દરેક ગામમાં કોઈને કોઈ દેવસ્થાન કે મંદિર જોવા મળે છે, પરંતુ આ ગામમાં એવી કોઈ પરંપરા વિકસેલી નથી. તેના બદલે અહીંના લોકો વર્ષોથી પ્રકૃતિને જ પૂજ્ય માનીને જીવન જીવતા આવ્યા છે. વૃક્ષો, પર્વતો, નદીઓ, ધરતી, પૂર્વજો અને ગ્રામદેવની પરંપરાગત માન્યતાઓ સાથે જોડાયેલી આદિવાસી ધાર્મિક માન્યતાઓ અહીં આજે પણ જોવા મળે છે.

આદિવાસી સમાજનો ધર્મ માત્ર મંદિરો કે મૂર્તિપૂજા સુધી સીમિત નથી. તેમના માટે પ્રકૃતિ જ પરમ શક્તિ છે. ઋતુઓના બદલાવ, પાકની વાવણી, વરસાદ, જંગલ અને પશુઓ સાથે તેમનું ધાર્મિક જીવન જોડાયેલું છે. વિવિધ તહેવારો અને પ્રસંગોએ તેઓ પરંપરાગત નૃત્ય, ગીતો અને સામૂહિક વિધિઓ દ્વારા પોતાની સંસ્કૃતિને જીવંત રાખે છે.

સમયની સાથે ગામમાં પરિવર્તનો પણ આવ્યા છે. કેટલાક લોકોએ અન્ય ધાર્મિક સંપ્રદાયોને અનુસરવાનું શરૂ કર્યું છે. રાધાસ્વામી અને કછોલી સપ્રદાયના અનુયાયીઓ ગામમાં જોવા મળે છે. બીજી તરફ કેટલાક લોકો પરંપરાગત ભગત-ભુવા અને લોકઆસ્થાની પદ્ધતિઓ પર વિશ્વાસ રાખે છે. આ બદલાવ દર્શાવે છે કે ગામમાં વિવિધ પ્રકારની ધાર્મિક માન્યતાઓ એકસાથે અસ્તિત્વ ધરાવે છે.આ ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલાક પરિવારો ખ્રિસ્તી ધર્મ અપનાવી ચૂક્યા છે. તેના પરિણામે ગામમાં હાલમાં બે ચર્ચ કાર્યરત છે, જ્યાં ખ્રિસ્તી સમાજના લોકો પ્રાર્થના અને ધાર્મિક કાર્યક્રમો યોજે છે. આ પરિવર્તન ગામના સામાજિક જીવનમાં એક નવી પરિસ્થિતિ ઉભી કરે છે, જ્યાં વિવિધ ધાર્મિક માન્યતાઓ સાથે લોકો વસવાટ કરી રહ્યા છે.

ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. વરસાદ આધારિત ખેતી, રોજમજૂરી અને



નાનાપોંઢાનો પત્ર
ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

અન્ય કૃષિ સંબંધિત કામો દ્વારા તેઓ પોતાનું જીવનનિર્વાહ કરે છે. આર્થિક રીતે ગામ હજુ પણ વિકાસની જરૂરિયાત ધરાવે છે, છતાં લોકો મહેનત અને સાદગીભર્યું જીવન જીવવાનું પસંદ કરે છે.

શિક્ષણના ક્ષેત્રમાં ગામે નોંધપાત્ર પ્રગતિ કરી છે. હાલની સ્થિતિમાં ગામના લગભગ તમામ બાળકો શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. અગાઉ જે વિસ્તારોમાં શિક્ષણનો અભાવ હતો ત્યાં આજે શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધી છે. આ બદલાવ ગામના ભવિષ્ય માટે આશાજનક માનવામાં આવે છે, કારણ કે શિક્ષણ જ સમાજના સર્વાંગી વિકાસનો આધાર છે.આ ગામનો સૌથી મહત્વનો પાસો તેની આદિવાસી ઓળખ છે. અહીંના લોકો હજુ પણ પોતાના પરંપરાગત રીતરિવાજો, લોકસંસ્કૃતિ, નૃત્ય, સંગીત અને પ્રકૃતિ સાથેના સંબંધને મહત્વ આપે છે. આ પરંપરાઓ માત્ર ધાર્મિક નથી, પરંતુ તેમની સાંસ્કૃતિક ઓળખનો પણ અભિન્ન ભાગ છે.

તાજેતરના વર્ષોમાં આદિવાસી હકો, સંસ્કૃતિ અને ઓળખ અંગે અનેક સંગઠનો કાર્ય કરી રહ્યા છે. તેઓ આદિવાસી સમાજના અધિકારો અને પરંપરાઓના સંરક્ષણની વાત કરે છે. આવા સંજોગોમાં પ્રશ્ન ઊભો થાય છે કે જે ગામો હજુ પણ મૂળ આદિવાસી પરંપરા અને પ્રકૃતિ આધારિત માન્યતાઓને જાળવી રાખવાનો પ્રયાસ કરે છે, તેમને વધુ પ્રોત્સાહન, દસ્તાવેજીકરણ અને સાંસ્કૃતિક સંરક્ષણ કેમ ન મળે? આવા ગામોની પરંપરા અને વારસાને સાચવવા માટે સામાજિક સંસ્થાઓ, સંશોધકો અને સરકારી વિભાગો દ્વારા વિશેષ પ્રયાસો કરવાની જરૂર છે.

સાથે જ એ પણ સમજવું જરૂરી છે કે ભારતનું બંધારણ દરેક નાગરિકને પોતાની પસંદગીનો ધર્મ માનવાનો, અનુસરવાનો અને પ્રચાર કરવાનો અધિકાર આપે છે. તેથી ગામમાં જોવા મળતા વિવિધ ધાર્મિક અનુસરણોને આ બંધારણીય અધિકારોના પરિપ્રેક્ષ્યમાં પણ જોવાની જરૂર છે. સાથે સાથે સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ, ભાષા, લોકપરંપરા અને પ્રકૃતિ આધારિત જીવનદર્શનનું સંરક્ષણ પણ એટલું જ મહત્વનું છે.આ ગામ માત્ર મંદિર વિનાનું ગામ નથી, પરંતુ એક એવી જીવંત આદિવાસી સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યાં પ્રકૃતિ પ્રત્યેનો આદર, પરંપરાગત જીવનમૂલ્યો અને સામૂહિક જીવનપદ્ધતિ હજુ પણ જોવા મળે છે.

વિકાસ, શિક્ષણ અને આધુનિકતા સાથે પોતાની સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવી એ આજના સમયમાં સૌથી મોટો પડકાર છે. આવનારા સમયમાં આ ગામની મૂળ આદિવાસી સંસ્કૃતિ, ભાષા, પરંપરા અને પ્રકૃતિ આધારિત ધાર્મિક માન્યતાઓનું સંરક્ષણ થાય, નવી પેઢી પોતાની ઓળખને સમજે અને વિવિધ માન્યતાઓ વચ્ચે પરસ્પર સન્માન અને સૌહાર્દ જળવાઈ રહે, તે સમગ્ર સમાજ માટે મહત્વપૂર્ણ બાબત છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Monday 03, August 2026

## સમાન નાગરિક ધારો ભારતીય લોકશાહીમાં હવે અનિવાર્ય

ભારત જેવા મજબૂત લોકશાહી દેશમાં આઝાદીના સાત દાયકા બાદ પણ તમામ નાગરિકોના સમાન અધિકાર અને ફરજો અંગે અસ્પષ્ટતા પ્રવર્તી રહી છે. સમાન નાગરિક ધારાની અનિવાર્યતા અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. આ સંદર્ભમાં હવે રાજ્ય વિધાનસભાઓએ સ્પષ્ટ વલણ સાથે પહેલ કરી રહી છે. તાજેતરમાં મધ્યપ્રદેશ વિધાનસભાએ સમાન નાગરિક સંહિતા (યુસીસી) ખરડાને બહાલી આપી દીધી છે. આ અગાઉ ગુજરાત, આસામ અને ઉત્તરાખંડમાં પણ આ ખરડાને બહાલી મળી ચૂકી છે. બંગાળમાં પણ આ ખરડાના મુસદ્દો તૈયાર કરવા એક ઉચ્ચ સ્તરીય સમિતિ કામે લાગી ચૂકી છે. મહિલાઓના સમાન અધિકાર, બાળ અધિકાર અને સમાન નાગરિક સંરક્ષણ જેવા મુદ્દા માટે આધુનિક સમયમાં યુસીસી અનિવાર્ય બની ગયો છે. હવે આ મામલે ચર્ચા નિર્ણાયક તબક્કે પહોંચી ચૂકી છે. કમનસીબે સમાન નાગરિક ધારાના મુદ્દાને મતોના રાજકારણમાં ધાર્મિક સ્વરૂપ આપીને તેને ખોરવવાના પ્રયાસ સતત થતા રહ્યા છે. મહિલાઓ અને બાળકોના અધિકારોના રક્ષણ ઉપરાંત દેશના તમામ નાગરિકોને એક સમાન સ્તરે ગણવાની માટે હવે આ કાયદો ચાવીરૂપ બની શકે છે. હવે સમાન નાગરિક ધારાનો મુદ્દો માત્ર રાજકીય કે ધાર્મિક ચર્ચા પૂરતો મર્યાદિત રહ્યો નથી. ન્યાયતંત્ર પણ બાળકો અને મહિલાઓના અધિકારોના મામલે આવા કાયદાની હિમાયત કરતું થયું છે. અલ્હાબાદ વડી અદાલતે એક મામલમાં સ્પષ્ટ કર્યું છે કે, બાળ વિવાહ પ્રતિબંધ અને પોસ્કોના કાયદાતળે કોઈ વ્યક્તિગત કાયદો અપવાદનો આધાર બની શકે નહીં, તો સર્વોચ્ચ અદાલતે પણ લગભગ ત્રણ દાયકા અગાઉ એક મામલામાં કહ્યુંક્ક હતું કે, ભારત એ એક પંથનિરપેક્ષ લોકશાહી દેશ છે અને ધાર્મિક સ્વતંત્રતા તેની મૂળ સાંસ્કૃતિક વિશેષતા છે, પણ માનવ અધિકારો અને માનવીય ગરિમાનું ઉલ્લંઘન કરતી ધાર્મિક પ્રથાઓ સ્વતંત્રતા નહીં પણ દમનનું સ્વરૂપ ધારણ કરી લેતી હોય છે. એટલા માટે જ પીડિત વર્ગોની સલામતી અને રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાને મજબૂત કરવા સમાન નાગરિક ધારો જરૂરી છે.

વાસ્તવિકતા એ છે કે, સર્વોચ્ચ અદાલતના આ મતના ત્રણ દાયકા બાદ પણ દેશમાં હજી સુધી સમાન નાગરિક ધારો અમલી થઈ શક્યો નથી. હવે આ મુદ્દો ધાર્મિક સ્વરૂપ લઈ રહ્યો છે. મતોના રાજકારણની કોઈ તક જતી ન કરતા અમુક રાજકીય પક્ષો સમાન નાગરિક ધારાના વિચારનો વિરોધ કરીને આવા કોઈ પણ પગલાં સામે ઉશ્કેરણી ફલાવી રહ્યા છે, પણ આજે તેઓ પોતાના સ્વાર્થ માટે એ હકીકત તરફ ધ્યાન આપવા માગતા નથી કે, ૯૯ ટકા મુસ્લિમ વસ્તી ધરાવતા તુર્કી જેવા દેશમાં છેક ૧૯૨૬થી સમાન નાગરિક ધારો અમલમાં છે. ખરેખર હવે સમય આવી ગયો છે કે, ભારતમાં સમાન નાગરિક ધારાની વાત કોઈ ધર્મની માન્યતાની વિરુદ્ધની નહીં પણ દેશના બંધારણ દ્વારા અપાયેલા સમાનતા, ગરિમા અને ન્યાયના સિદ્ધાંતોના જતન માટેની હોવાનો સ્વીકાર થવો જોઈએ.

# યુવાઓનું નશા મુક્ત હોવું જરૂરી છે : મોદી

### વડાપ્રધાને નશા મુક્ત યુવા-વિકસિત ભારત સંકલ્પ અભિયાનની શરૂઆત કરી, આ કાર્યક્રમમાં ૨૮ હજારથી વધુ સ્થળોએથી ૧ કરોડથી વધુ યુવાનો જોડાયા




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨ :પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નશા મુક્ત યુવા, વિકસિત ભારત અભિયાનની શરૂઆત કરી છે. દેશભરમાં આયોજીત આ કાર્યક્રમમાં ૨૮ હજારથી વધુ સ્થળોથી એક કરોડથી વધુ યુવાનો જોડાયા હતા. પ્રધાનમંત્રીના સંબોધન પહેલા દેશભરના યુવાઓએ એકસાથે નશા મુક્ત ભારત બનાવવાના શપથ લીધા. પીએમ મોદીએ પોતાના ભાષણની શરૂઆતમાં કહ્યું કે આપણે એક મહાન સંકલ્પ માટે એકત્ર થયા છીએ. બધા સંત, બધા રાજ્યપાલ, બધા મુખ્યમંત્રી અને જનપ્રતિનિધિ, ૨૮ હજાર સંસ્થાઓ સાથે જોડાયેલા ૧ કરોડથી વધુ યુવા સાથી, આ શુભ સંકલ્પ માટે અભિનંદન.

પીએમ મોદીએ કહ્યુ કે જે અભિયાનના આપણે સાક્ષી બની રહ્યાં છીએ તે વ્યક્તિ, પરિવાર, સમાજ અને સૌથી મોટી વાત છે કે આ અભિયાન રાષ્ટ્ર માટે છે. વિકસિત ભારત સંકલ્પ માટે નશા મુક્ત યુવા હોવા જરૂરી છે.

આ નામ જ સંકલ્પને સ્પષ્ટ કરે છે. દેશને વિકસિત ભારત બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે તો દેશના યુવા તનથી સ્વસ્થ હોય, મનથી સ્વસ્થ હોય, આત્મવિશ્વાસથી ભરપૂર હોય અને ડ્રગ્સ જેવી ઘાતક આદતોથી દૂર રહે, આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છે, તેથી આપણે બધાએ સંકલ્પ લેવાનો છે કે યુવા નશાના ખતરાને સમજે અને તેનાથી દૂર રહે.આપણે દરેક યુવાને નશાની ઝપેટમાં ફસાતો બચાવવાનો છે. આપણા પ્રોફેસરોને અપીલ છે કે તે પોતાની કોલેજમાં નશા વિરુદ્ધ અભિયાન ચલાવે. યુવાઓને નશાની ગિરફતમાંથી બહાર કાઢે. જે યુવા નશાને પરાસ્ત કરી નીકળે છે તે યોદ્ધા હોય છે, સમાજે તેનું સન્માન કરવું જોઈએ. ડ્રગ્સ સાથે જોડાયેલો તેનો ભૂતકાળ તેની ઓળખ ન હોઈ શકે. નશાના કારોબારીઓ પર કડક કાર્યવાહી થઈ રહી છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે કાશીથી શરૂ થયેલો આ જનકલ્યાણકારી વિચાર હવે એક રાષ્ટ્રીય અભિયાનનું રૂપ લઈ ચૂક્યો છે. તેમણે કહ્યું- આજથી દેશભરમાં નશા મુક્ત યુવા અભિયાનની શરૂઆત થઈ રહી છે. આ અભિયાન દરેક વર્ગના યુવાઓને જોડનારૂ છે. લાખો યુવાઓએ અત્યારે નશામુક્તિના શપથ લીધા છે અને આ સંકલ્પ આગામી ૧૦૦ સપ્તાહ સુધી યથાવત રહેશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આગામી ૧૦૦ રવિવાર સુધી દેશભરમાં કળા, સંસ્કૃતિ, આધ્યાત્મ અને સેવા સાથે જોડાયેલી વિવિધ ગતિવિધિઓના માધ્યમથી નશામુક્તિનો સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવશે. કાર્યક્રમમાં પૂજ્ય અમ્મા, ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર, પૂજ્ય દાજી, ડો. ચિન્મય પંડ્યા અને સ્વામી બ્રહ્મવિહારીજી સહિત પાંચ મુખ્ય આધ્યાત્મિક ગુરૂ સામેલ હતા.

આ સિવાય ઘણા રાજ્યોના મુખ્યમંત્રી અને રાજ્યપાલ પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ અભિયાનથી ૧૨૫થી વધુ આધ્યાત્મિક સંગઠનો, સ્કૂલ-કોલેજો, સંસ્થાઓ, જાહેર સંગઠનો અને ઔદ્યોગિક સંઘોના સહયોગથી આયોજીત કરવામાં આવ્યો હતો. બ્રહ્માકુમારીઝ, ઈસ્કોન, ચિન્મય મિશન અને ઓરોવિલેના વરિષ્ઠ પ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

## ગાંધીનગરમાં રાજ્યકક્ષાનો નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ કાર્યક્રમ યોજાયો

અમારા -તિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૨ઁ નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી - એનએફએસયુ ખાતે ેજેન-ઝેડ અગેઈન્સ્ટ એડીક્શન - નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાનેના રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડા-ધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને ગુજરાત સહિત સમગ્ર દેશના યુવાઓને નશા મુક્ત ભારત બનાવવા માટે -રણાદાયી સંબોધન કર્યું હતું. રાજ્યમાં ગાંધીનગર ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશને નશામુક્ત બનાવવાનાં સંકલ્પ માટે યુવાનો સાથે મનનીય સંવાદ કર્યો હતો અને યુવા પેઢીને વિકસિત ભારતનાં સંકલ્પ માટે નશામુક્ત ભારતનાં નિર્માણનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાનોએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે -ાસંગિક -ૈ પુછી તેમનું માર્ગદર્શન મેળવ્યું હતું. સંવાદ દરમિયાન એક યુવાને સવાલ કરતા પુછ્યું કે, તમે રાષ્ટ્ર માટે જીવન સમર્પિત કર્યુ છે તો, યુવાનો માટે શું સંદેશ છે?

આ -'નો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખૂબ વિસ્તારથી અને ઉદાહરણ સાથે જવાબ આપતા જણાવ્યું હતું કે, 'ભારતના વડા-ધાન નરેન્દ્ર મોદીએ 'નશા મુક્ત વિકસિત ભારત'નો સંકલ્પ કર્યો છે અને આ સંકલ્પને સાકાર કરવા માટે સતત કાર્યરત છે. આપણો દેશ વિકસિત બને સાથે-સાથે નશામુક્ત પણ હોવો જોઈએ. રાષ્ટ્રની સૌથી મોટી સંપતિ તેની યુવા પેઢી છે.

## કેરળ, ગુજરાત અને અસમમાં વરસાદનો કેર

### હવામાન વિભાગે રાજ્યોના અનેક જિલ્લાઓ માટે રેડ અને ઓરેન્જ એલર્ટ : તંત્ર રાહત અને બચાવ કામગીરીમાં જોડાયું

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨ : દેશના અનેક રાજ્યોમાં ચોમાસાએ રૌદ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું છે. કેરળ અને ગુજરાતમાં સતત થઈ રહેલા ભારે વરસાદથી જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. કેરળમાં ભારે વરસાદ અને તેને લગતી દુર્ઘટનાઓમાં ૮ લોકોના મોત થયા છે, જ્યારે ૬ લોકો હજુ પણ લાપતા છે. તો બીજી તરફ ગુજરાતમાં પણ અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. આ દરમિયાન હવામાન વિભાગે (IMD) બંને રાજ્યોના અનેક જિલ્લાઓ માટે રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. તંત્ર રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલું છે.

માહિતી અનુસાર, કેરળમાં સતત થઈ રહેલા ભારે વરસાદના કારણે સ્થિતિ ગંભીર બનેલી છે. રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થઈ ચૂક્યા છે, જ્યારે ૬ લોકો લાપતા હોવાના અહેવાલ સામે આવ્યા છે. સમગ્ર રાજ્યમાં ૬૫ રાહત કેમ્પ બનાવવામાં આવ્યા છે, જ્યાં ૧,૪૦૦ થી વધુ લોકોને આશરો આપવામાં આવ્યો છે.

ગુજરાતમાં પણ સતત થઈ રહેલા ભારે વરસાદના કારણે અનેક જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પરિસ્થિતિને જોતાં વહીવટીતંત્ર પૂરી રીતે સતર્ક છે અને અનેક જિલ્લાઓમાં અધિકારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. રાહત અને બચાવ કાર્ય માટે NDRF અને SDRF ની ટીમો જળમગ્ન વિસ્તારોમાં ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં વ્યસ્ત છે.

અસમમાં પૂરની સ્થિતિમાં શનિવારે મામૂલી સુધારો નોંધાયો છે અને પ્રભાવિત લોકોની સંખ્યા ઘટીને ૧.૭૮ lakh થઈ ગઈ છે, જોકે પૂરથી પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા વધીને ૭ થઈ ગઈ છે. અસમ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (ASDMA) મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં કોઈ નવા મૃત્યુના સમાચાર નથી અને પૂરથી મરનારાઓની કુલ સંખ્યા ૮૨ બનેલી છે. શિવસાગર અને નુમાલીગઢ (ગોલાઘાટ) માં દિક્ષૌ અને ધનસિરી (દક્ષિણ) નદીઓ

### ૩ જી ઓગસ્ટ ૧૯૨૬ના રોજ પૂ. તાઈજીનું શતાબ્દી પર્વ

## નિ:સ્વાર્થ પ્રેમ અને શ્રીમદભાગવદ્ગીતાના ક્રાંતિકારી વિચારો



નિ:સ્વાર્થ પ્રેમ અને શ્રીમદભાગવદ્ગીતાના ક્રાંતિકારી વિચારોથી વ્યક્તિ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ અને તેના થકી વૈશ્વિક સ્વાધ્યાય પરિવાર નિર્માણ કરનાર પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે ભારતીય સંસ્કૃતિના સાચા અર્થના જ્યોતિર્ધર છે તેમનું કાર્ય ભારતના પ્રત્યેક ગામડાઓ માં ચરિતાર્થ થયેલું જોવા મળે છે. પ્રત્યેક વર્ગ - પ્રત્યેક ક્ષેત્ર - પ્રત્યેક અવસ્થાના વ્યક્તિમાત્ર પાસે તેઓ ગયા. વ્યક્તિમાં આત્મ ગૌરવ- પરસન્માન નિર્માણ કરવા માટે તેઓએ ભક્તિને એક વ્યક્તિગત શક્તિ નહીં પરંતુ સમાજાભિમુખ ભક્તિની નવચેતના જગાડતી ચિનગારીથી તેમણે ભક્તિને એક સામાજિક શક્તિ તરીકે પ્રસ્થાપિત કરી છે તે જ વિચારને વિશ્વકક્ષાએ પંહોચાડનાર પરમ પૂજનીય દાદાજીના પગલામાં પોતાનું પ્રભાવી વ્યક્તિમત્વ ઓગાળીને પડછાયાની જેમ વિશ્વના સ્વાધ્યાય પરિવારને માતૃત્વથી સંભાળનાર તેમના સહધર્મચારિણી એટલે 'નિર્મલા તાઈ' .

પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રીના સંકલ્પો, વિચારો, સ્વપ્ન અને કાર્યના પાયામાં તેમનું સમર્પણ વશિષ્ઠ-અરુંધતિના દિવ્ય સંસારની સાથે સાથે સમગ્ર સંસારને ભેદરહિત , દૈવીભાતૃત્વ યુક્ત , ઈશ્વર કાર્યાર્થ કાર્યપ્રવણ બનાવવાના અદમ્ય ઉત્સાહ , કાર્ય આયોજન ક્ષમતા ,શુચિતા, દક્ષતા, ધૈર્ય , દીર્ઘદ્રષ્ટિ, સ્પષ્ટ વાણીમાં છુપાયેલું અનુભવવા મળે.

જેવી રીતે પડછાયાને સ્વતંત્ર અસ્તિત્વ હોતું નથી તેવી જ રીતે નિર્મલા તાઈ એ કોઈ વ્યક્તિગત ઈચ્છાઓ રાખી નથી તેથી સ્વાધ્યાય પરિવાર તેમણે વંદન કરતાં કહે કે

**તું તો દાદાની સિદ્ધિમાં લીન**
**એ તો તારા જીવનની છે રીત**

પૂજનીય જયશ્રી તળવળકર ( પૂજનીય દીદીજી) ના સર્વાંગીણ વ્યક્તિત્વનું ઘડતર હોય કે પરમ પૂજનીય દાદાજીના સ્વાસ્થ્યની કાળજી હોય કે પછી લાખો સ્વાધ્યાયી કૃતિશીલોના કુટુંબોમાં સંવાદિતતા અને પ્રભૂકાર્યની અગ્રિમતનો મધુર સંસ્કાર સિંચનની પ્રત્યેક ક્ષણોમાં પૂજનીય તાઈજીનું પરમ પૂજનીય દાદાજીમાં તાદાત્મ્યનું ભારતીય સંસ્કૃતિનું ઉત્કૃષ્ટ માર્ગદર્શક દ્રષ્ટાંત છે.

પૂજનીય નિર્મલા તાઈ વૈશ્વિક સ્વાધ્યાય કાર્યમાં માતૃવત તલ્લીન હોવા છતાં તેઓના જીવનમાં વાંચનનો આગ્રહ, આંતર-બાહ્ય સ્વચ્છતાનો આગ્રહ,અનેક શિબિરોમાં 'અન્નપૂર્ણા' બની કાળજીની ટોચ,જટિલ -ૈમાં વ્યવહારુ માર્ગદર્શન - સંસારમાં રહી ભગવદ કાર્યની અનુસ્યૂત પ્રેરણા પૂરી પાડે છે.

૩ જી ઓગસ્ટ ૧૯૨૬ના રોજ જન્મેલા પૂજનીય તાઈજીનું શતાબ્દી પર્વ- મુંબઈ સ્થિત શ્રીમદભગવદ્ગીતા પાઠશાળાનું પણ શતપ્રણતિ પર્વ ઉજવવા સમગ્ર સ્વાધ્યાય પરિવાર પૂજનીય દીદીજીના પ્રભાવી માર્ગદર્શનથી અનેક કૃતિઓ, આયામો દ્વારા અદમ્ય ઉત્સાહ અને ઉમંગ દ્વારા ઉજવણી કરી રહ્યો છે.

આજે સ્વાધ્યાય પરિવારના લાખો કુટુંબો પોતાના ઘરમાં ૩ ઓગસ્ટ ૨૦૨૫ થી દર મહિનાની ૩ જી તારીખે વૈચારિક તોરણ, ઘર-આંગણ ની સ્વચ્છતા , રસોઈ ઘરમાં અન્નપૂર્ણા સ્તોત્રનું પારાયણ તેમજ સમગ્ર પરિવારના પ્રત્યેક સભ્યો નિશ્ચિત કરેલ પુસ્તકોના ૨ પાનાંનું વાંચન કરે છે . સમગ્ર વર્ષ દરમ્યાન ઉજવણીનો આ ક્રમ નિરંતર રાખનાર પરિવાર ૩ ઓગસ્ટ ૨૦૨૬ એટલેકે આજે પણ પોતાના કુટુંબ સાથે પ્રાર્થના, રંગોળી, સફાઇ, વાંચન તથા વૈચારિક તોરણથી પૂજનીય તાઈને વંદન કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૩ જી ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ પૂજનીય દીદીજીના સાંનિધ્યમાં છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં દાહોદથી તાપી જિલ્લા સુધીના તમામ વનવાસી ભાઈ-બહેનો આશરે ૨.૫ થી ૩ લાખની સંખ્યામાં 'બાલતરું પ્રાણપ્રતિષ્ઠા' ઉત્સવ ઉજવવા મળવાના છે .

## જીવદયા ગ્રુપ પારડી દ્વારા સાપના બચ્ચાને ઉગારાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી તા. ૦૨ :** જીવદયા ગ્રુપ કિલ્લા પારડી ના પ્રમુખ આલી ભાઈ અન્સારી પાસે લાડ સ્ટ્રીટ પારડી માં રહેતા ભાવિનભાઈ શાહ ના ઘરે થી કોલ આવ્યો હતો કે એમના ઘરે એક સાપ આવી ગયો છે , ત્યારબાદ જીવદયા ગ્રુપ ના પ્રમુખ અલી અંસારી ના માર્ગદર્શન હેઠળ જીવદયા ગ્રુપ પારડી ના સભ્યો યાસીન મુલતાની અને રીશી ઠાકુર ઘટના સ્થળે પહોંચી ગયા હતા ત્યા જોયા ખબર પડી હતી કે ત્યાં એક અલબીનો કોમન ત્રિનકેટ સ્નેક રૂખઈ જાતિ ના બિનઝેરી સાપ નું બચુ આવી ગયું હતું , આ અલબીનો પ્રજાતિ ના સાપ અતિ દુર્લભ હોઈ છે અને ભાગ્યે જોવા મળે છે , અલબીનો સાપો માં એક બીમારી હોઈ છે જેમાં સાપ ની આંખ લાલ થઈ જાય છે અને આખો શરીર સફેદ વ્હાઈટ હોઈ છે . આવા સાપ લાખો હજારો માં એક જોવા મળે છે . આ સાપ ના જીવદયા ગ્રુપ પારડી દ્વારા સફળ રેસકયું કરાયું હતું અને આ સાપ ને જંગલ વિસ્તાર માં મુક્ત કરવા માં આવ્યું હતું .

### સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો

## વલસાડ જિલ્લાના ઉદ્યોગપતિઓમાં ભારે ઉત્સાહ

### વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ના સફળ આયોજન માટે રાજ્ય સરકારે નવી કોર કમિટીની રચના કરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી તા. ૦૨ :**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ના સફળ આયોજન માટે રાજ્ય સરકારે નવી કોર કમિટીની રચના કરી છે. રાજ્ય સરકારના તા. ૩૦ જુલાઈ, ૨૦૨૬ના ઠરાવના અનુસંધાને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

નવી કોર કમિટીમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પ્રમુખ તરીકે તથા રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈને ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના આ નિર્ણયને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ના સુચારૂ અને અસરકારક આયોજન માટે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. નવી કમિટી સમિટના આયોજન, સંકલન અને વિવિધ વિભાગો વચ્ચે વધુ સારો તાલમેલ સુનિશ્ચિત કરવાની દિશામાં કામગીરી કરશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ રાજ્યમાં રોકાણ આકર્ષવા, ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક સ્તરે ગુજરાતની આર્થિક પ્રગતિને નવી દિશા આપતું મહત્વપૂર્ણ મંચ માનવામાં આવે છે. જોકે છેલ્લા ઘણા સમયથી કોઈ પણ પ્રકાર ના વિવાદ વગર સારી કામગીરી કરવામાં આવી રહી છે તેને ધ્યાને લઈ સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેને લઇ સુરત અને વલસાડ જિલ્લા તેમજ વાપી ઉમરગામ અને સરીગામ વિસ્તારના ઉદ્યોગપતિઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## જનસેવા હોસ્પિટલના ટ્રસ્ટીની પુણ્યતિથિ નિમિત્તે નિ:શુલ્ક સર્વરોગ સપ્તાહિકનું આયોજન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી તા.૦૨ :** શ્રેયસ મેડીકેર દ્વારા સંચાલિત વાપીની જનસેવા હોસ્પિટલ ખાતે વાપી તથા તેની આજુબાજુના વિસ્તારના જાણીતા અને સમાજસેવક તથા જનસેવા મંડળના સભ્ય તેમજ જનસેવા હોસ્પિટલના ટ્રસ્ટી સ્વર્ગસ્થ ઈન્દ્રવદનભાઈ શાહની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે ૩ ઓગસ્ટથી ૮ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી નિ:શુલ્ક સર્વરોગ સપ્તાહિક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

કેમ્પ દરમિયાન જનરલ મેડિસિન, જનરલ સર્જરી, હાડકાંના રોગો (ઓર્થોપેડિક), બાળરોગ, સ્ત્રીરોગ, ફિઝિયોથેરાપી, ડેન્ટલ તેમજ હૃદયરોગના નિષ્ણાતો દ્વારા તપાસ કરવામાં આવશે. ઉપરાંત જરૂરિયાત મુજબ એક્સ-રે સહિત અન્ય જરૂરી નિદાન સેવાઓ પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુમાં વધુ દર્દીઓ આ નિ:શુલ્ક આરોગ્ય સેવાનો લાભ લે તેવી હોસ્પિટલના મેનેજમેન્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન જનસેવા હોસ્પિટલના મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

### શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા

## ધરમપુરમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૩૧ :** શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ, ધરમપુરના ઉપક્રમે શ્રી રામકૃષ્ણ ધ્યાન મંદિર ખાતે પવિત્ર ગુરુપૂર્ણિમા મહોત્સવની વિવિધ ધાર્મિક કાર્યક્રમોના સાથવારે ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન શ્રી રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરાના પૂજ્ય સ્વામી સુવિજ્ઞેયાનંદજી મહારાજનું પાવન સાનિધ્ય પ્રાપ્ત થયું. મહારાજે પોતાના પ્રેરણાદાયી અને સરગર્ભિત પ્રવચનમાં ગુરુપૂર્ણિમાના આધ્યાત્મિક મહત્ત્વ, ગુરુ-શિષ્ય પરંપરાનું ગૌરવ તથા જીવનમાં સદ્ગુરુના માર્ગદર્શનની અનિવાર્યતા વિષે સુંદર વિચારો રજૂ કર્યા. તેમણે શ્રી રામકૃષ્ણ, માં શારદાદેવી અને સ્વામી વિવેકાનંદના આદર્શોને જીવનમાં ઉતારી આત્મિક વિકાસ તરફ આગળ વધવા માટે સૌને પ્રેરિત કર્યા હતા, કાર્યક્રમોમાં ધરમપુર, વલસાડ તથા આસપાસના વિસ્તારોમાંથી ૧૮૦ થી વધુ ઠાકુરભક્તો ઉમંગભેર જોડાયા હતા.

## દાદરા અને નગર હવેલીનો ૭૩મો મુક્તિ દિવસ ભવ્ય ઉજવાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ તા. ૦૨ :** દાદરા અને નગર હવેલીના ૭૩મા મુક્તિ દિવસ નિમિત્તે રવિવારે જિલ્લા સચિવાલય પરિસરમાં ભવ્ય સમારોહ યોજાયો હતો. જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોરએ ધ્વજવંદન કરીને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનો પ્રારંભ કર્યો. પોલીસ, ઈન્ડિયન રિઝર્વ બટાલિયન, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ, હોમગાર્ડ, પોલીસ બેન્ડ તથા એનસીસી કેડેટ્સે પરેડ દ્વારા સલામી આપી હતી.



કલેક્ટરે પોતાના સંબોધનમાં મુક્તિ દિવસની શુભેચ્છા પાઠવી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું કે પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન શિક્ષણ, આરોગ્ય, ગ્રામ વિકાસ, ઔદ્યોગિક વિકાસ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પર્યટન, રમતગમત, મહિલા અને બાળ વિકાસ તેમજ આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૨૬ દરમિયાન મોન્સૂન મહોત્સવ યોજવાની તૈયારી ચાલી રહી છે, જેનાથી પર્યટન અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે. તમામ સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને નિ:શુલ્ક સ્કૂલ કિટ આપવામાં આવી રહી છે. નવી શાળાઓ, હોસ્ટેલ, શિષ્યવૃત્તિ અને સાયકલ વિતરણ જેવી યોજનાઓ દ્વારા ગુણવત્તાસભર શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. PARAKH-૨૦૨૪ રાષ્ટ્રીય સર્વેક્ષણમાં કેન્દ્રશાસિત પ્રદેશે દેશભરમાં પાંચમું સ્થાન મેળવ્યું હતું, જ્યારે ૨૦૨૬ની બોર્ડ પરીક્ષાઓમાં પણ વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામ નોંધાવ્યું હતું.

ગ્રામ વિકાસ હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના, સામાજિક સુરક્ષા, મહિલા સ્વસહાય જૂથો અને મહિલા આજીવિકા કાર્યક્રમોને ગતિ આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું. ઔદ્યોગિક રોકાણમાં વધારો થતાં રોજગારીની નવી તકો ઉભી થઈ છે તેમજ Ease of Doing Business - Single Window Systeને વધુ મજબૂત બનાવવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે માર્ગ, પુલ, શહેરી અને ગ્રામ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપરાંત આરોગ્ય અને શિક્ષણ સંબંધિત અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થઈ રહ્યા છે. સિલવાસાના નમો હોસ્પિટલને ઉત્તમ આરોગ્ય સેવાઓ બદલ રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું છે.

સાયલી ખાતેના નમો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓને અનુરૂપ વિકસાવવામાં આવી રહ્યો છે. જુલાઈ ૨૦૨૬ની ભારે પૂર પરિસ્થિતિ દરમિયાન જિલ્લા પ્રશાસન, ભારતીય સેના, કોસ્ટ ગાર્ડ અને ફાયર વિભાગે સંયુક્ત રાહત અને બચાવ કામગીરી ચલાવી અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી જરૂરી સહાય પહોંચાડ્યાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો.

## વલસાડ-ડાંગનાં સાંસદ ધવલ પટેલ પુરગ્રસ્તોની વ્હારે આવ્યા, નુકસાનીનો તાગ મેળવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૦૨ : છેલ્લા સપ્તાહમાં દક્ષિણ ગુજરાતમાં પડેલા અતિભારે વરસાદને કારણે સર્જાયેલી પૂરની સ્થિતિ બાદ સ્થાનિક લોક-તિનિધિઓ અને તંત્ર દ્વારા રાહત-બચાવ અને સમીક્ષા કામગીરી તેજ કરવામાં આવી છે. આ શ્રેણીમાં વલસાડ-ડાંગ લોકસભા મતવિસ્તારના સાંસદ ધવલભાઈ પટેલે પૂરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈને સ્થિતિની ગંભીરતાથી સમીક્ષા કરી હતી. તેઓએ દક્ષિણ ગુજરાતના સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓ એવા નવસારી, ડાંગ અને વલસાડમાં પૂરના કારણે થયેલા વ્યાપક નુકસાનનો તાગ મેળવ્યો હતો.પોતાના પ્રવાસ દરમિયાન સાંસદ ધવલ પટેલે સૌથી પહેલાં નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વિવિધ ગામોની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે અસરગ્રસ્ત ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધીને તેમની સમસ્યાઓ સાંભળી હતી



અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત કીટોનું વિતરણ કર્યું હતુ.ત્યારબાદ તેઓએ ડાંગ જિલ્લામાં પ્રવાસ કરીને પૂરના કારણે તૂટી ગયેલી પ્રોટેક્શન વોલ, પ્રખ્યાત ગિરા ધોધ/નદી વિસ્તાર, માર્ગો તથા પુલોને થયેલા નુકસાનનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતુ. આ ઉપરાંત, વલસાડ જિલ્લાના કપરાડા, પારડી અને વલસાડ વિધાનસભા ક્ષેત્રોમાં પણ મુલાકાત લઈને નાગરિકો, વેપારીઓ અને ખેડૂતોને સાંત્વના પાઠવી હતી. સાંસદ ધવલ પટેલે મિડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ખેતરો, દુકાનો અને માળખાકીય સુવિધાઓને થયેલા નુકસાન બદલ સુરત મોડેલની જેમ જ આ ત્રણેય જિલ્લાના પ્રભાવિત લોકોને વળતર ચૂકવવા રાજ્ય અને કેન્દ્ર સરકાર સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, તેઓએ તાજેતરમાં જ દેશના ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરીને દક્ષિણ ગુજરાતની પૂર પરિસ્થિતિ અને નુકસાન અંગે વિગતવાર અહેવાલ રજૂ કર્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ પણ ખાતરી આપી છે કે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને જરૂરી તમામ આર્થિક અને તકનીકી સહાય પૂરી પાડવામાં આવશે. સંકટની આ ઘડીમાં સરકાર અસરગ્રસ્તોની સાથે ખભેથી ખભો મિલાવીને ઊભી છે.આ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ,ડાંગ જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ ઉષાબેન ધર્મેશભાઈ પટેલ,ડાંગ ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત,આગેવાન ધર્મેશભાઈ પટેલ સહિત સંબંધિત વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Monday 03, August 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## નામધાની સ્કૂલમાં મનપાના કોન્ટ્રાક્ટ બેઝ સફાઈકર્મીએ ચોરી કરી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૨ :** વાપી મહાનગરપાલિકાના ડોર-ટુ-ડોર કચરો સંગ્રહ કાર્ય દરમિયાન નામધા-ચંડોર ગામે આવેલ લુમેન્સ સ્કૂલમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. કચરો લેવા આવેલા મિની ટેમ્પોના ડ્રાઈવરે સ્કૂલ પરિસરમાંથી ઈલેક્ટ્રિક સાધનો અને ઘાસ કાપવાનું મશીન ટેમ્પોમાં મૂકી લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સમગ્ર ઘટના સ્કૂલના સીસીટીવી કેમેરામાં કેદ થતાં સિક્યુરિટી ગાર્ડે તેને ઝડપી પાડ્યો હતો. ઘટનાને પગલે ગામમાં ભારે ચકચાર મચી છે.

મળતી માહિતી મુજબ વાપી મહાનગરપાલિકાના ૧૩ વોર્ડમાં ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરવાનો કોન્ટ્રાક્ટ સ્વચ્છતા કોર્પોરેશન નામની એજન્સીને આપવામાં આવ્યો છે. ગત શનિવારે વોર્ડ નં.૮ના નામધા-ચંડોર ગામે આવેલી લુમેન્સ સ્કૂલમાં ટેમ્પો નંબર GJ-06-BY-6496 કચરો લેવા પહોંચ્યો હતો. આ દરમિયાન ડ્રાઈવર ગોલુસિંહ (રહે. મધ્યપ્રદેશ)એ સ્કૂલ પરિસરમાંથી ઘાસ કાપવાનું મશીન, બે સીલિંગ ફેન, એક ગીઝર તેમજ કેટલીક લોખંડની વસ્તુઓ ટેમ્પોમાં મૂકી દીધી હોવાનો આક્ષેપ છે.

સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થતાં સ્કૂલના સિક્યુરિટી ગાર્ડ અને સંચાલકોએ તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપીને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ સ્થાનિક કોર્પોરેટરો, લાઈટ એન્ડ ફાયર કમિટીના ચેરમેન રણજીતભાઈ પટેલ તેમજ ડોર-ટુ-ડોર કચરો સંગ્રહ કરતી એજન્સીના સુપરવાઈઝર અને જવાબદાર અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. હાલ આ મામલે સ્કૂલ સંચાલક દ્વારા પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે કે નહીં તે સ્પષ્ટ થઈ શક્યું નથી. બીજી તરફ, ગામમાં રહેતા સફાઈ કામદાર દ્વારા ચોરીનો પ્રયાસ કરાયો હોવાની ચર્ચા ફેલાતા સ્થાનિકોમાં ભારે રોષ અને ચકચાર જોવા મળી રહી છે.

## દમણ-દીવ સાંસદ જુના કેસમાં સજા બાદ જામીન મુક્ત

### દમણ માજી જી.પં. પ્રમુખ સુખા પટેલને પણ સજા ફટકાર્યા બાદ કોર્ટે જામીન પર મુક્ત કર્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૨ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવના અપક્ષ સાંસદ ઉમેશ પટેલ અને ભૂતપૂર્વ જિલ્લા પંચાયત સભ્ય સુરેશ ઉર્ફે સુખા પટેલને ૧૫ વર્ષ જૂના કેસમાં કોર્ટે દોષિત ઠેરવ્યા હતા અને બે વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. જોકે, સજા સંભળાવ્યાના થોડા સમય પછી, બંનેને કોર્ટમાંથી જામીન મળી ગયા અને મુક્ત કરવામાં આવ્યા.

અહેવાલો અનુસાર આ ઘટના ૧૨ માર્ચ, ૨૦૧૧ ની છે. તે સમયે, તત્કાલીન જિલ્લા પંચાયત સભ્ય સુરેશ પટેલ અને વર્તમાન સાંસદ ઉમેશ પટેલ મોતી દમણના ફૂટબોલ મેદાનમાં પહોંચ્યા હતાં, જ્યાં વહીવટીતંત્ર એક્સાઈઝ સબ-ઈન્સ્પેક્ટરના પદ માટે ભૌતિક ભરતી પ્રક્રિયા હાથ ધરી રહ્યું હતું. આ સંદર્ભે, મોતી દમણના સરકારી ક્વાર્ટર્સના રહેવાસી ફરિયાદી જગમિન્દર સિંહે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, બંને આરોપીઓ બળજબરીથી ભરતી મેદાનમાં ઘૂસી ગયા, ફરજ પરના પોલીસ અધિકારીઓને ધક્કો માર્યો, સરકારી કર્મચારીઓને અવરોધ્યા અને તેમની સાથે અભદ્ર વર્તન કર્યું. કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ, ૧ ઓગસ્ટના રોજ સિવિલ જજે ઉમેશ પટેલ અને સુરેશ ઉર્ફે સુખા પટેલને દોષિત ઠેરવ્યા અને તેમને બે વર્ષની સાદી કેદની સજા ફટકારી. સજા સંભળાવ્યાના થોડા સમય પછી, બંને આરોપીઓએ કોર્ટમાંથી જામીન મેળવ્યા અને તેમને છોડી દેવામાં આવ્યા હતાં.

## ભિલાડમાં કિશોરી સાથે દુષ્કર્મ કેસમાં આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર

**વાપી, તા.૦૨ :** ઉમરગામ તાલુકાની ૧૬ વર્ષની કિશોરી સાથે આરોપી પુષ્પરાજ છોટેલાલ સિંગે ગત મે મહિનામાં એક કિશોરી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ભીલાડ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ જામીન પર મુક્ત થવા માટે વાપીની પોક્સો એક્ટ હેઠળની સ્પેશિયલ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. આ અરજીની સુનાવણી વાપીના પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડૉ. એચ.એન. વકીલની કોર્ટમાં સુનાવણી દરમિયાન સરકાર પક્ષે વકીલ અનિલ ત્રિપાઠીએ મજબૂત દલીલો રજૂ કરી હતી. કોર્ટે દલીલો ગ્રાહ્ય રાખીને આરોપી પુષ્પરાજ છોટેલાલ સિંગની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.


CBSE AFFILIATED - 430373

RAJHANS EDUCATION TRUST'S

VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary

SPECIAL OFFERS

Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office

vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in

9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191


## જાહેર સૂચના

**વિષય : બિલ્ડિંગ અને બાંધકામ પ્રોજેક્ટ માટે પર્યાવરણ મંજૂરી**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે મેસર્સ વેદાંતા લિમિટેડ, સર્વે નં. ૧૬/૧, ગામ ચિંચપાડા, જિલ્લો દાદરા અને નગર હવેલી, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવ - ૩૯૬૨૩૦, ખાતે આવેલ ઔદ્યોગિક શેડ/ફેક્ટરી બિલ્ડિંગના વિસ્તરણ માટે યુનિયન ટેરિટરી લેવલ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી (UTEIAA), DD&DNH દ્વારા પર્યાવરણ મંજૂરી ક્રમાંક EC26C3806DN5561644N, તા. ૨૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ મંજૂર કરવામાં આવી છે.

પર્યાવરણ મંજૂરી પત્રની નકલ PCC, DD&DNH ની કચેરી ખાતે નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે તેમજ https://parivesh.nic.in વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.

## ધરમપુરના દસોંદી ફળિયામાં કાચા મકાનનો ભાગ ધરાશાયી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૨ :** ધરમપુર શહેરના દસોંદી ફળિયા વિસ્તારમાં સતત પડી રહેલા ભારે વરસાદના કારણે એક કાચા મકાનનો ભાગ અચાનક ધરાશાયી થયો હતો. સદનસીબે ઘટનાના સમયે મેરાઈ પરિવારના સભ્યો સમયસર બહાર નીકળી જતા કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નહોતી.



ઘટનાની જાણ થતાં સ્થાનિક તંત્ર તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. અસરગ્રસ્ત મેરાઈ પરિવારની સુરક્ષાને ધ્યાનમાં રાખી તેમને ધરમપુર નગરપાલિકા સંચાલિત સત્સંગ હોલમાં તાત્કાલિક રહેવાની વ્યવસ્થા સાથે સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

### જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૯૭/૨૦૨૬**

**અરજદાર :** ભરતભાઈ ભગવાનદાસ ભરતીયા
**રહે.** કુમારશાળાની સામે, ચીખલી રોડ, ખેરગામ
તા.ખેરગામ જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **ભરતભાઈ ભગવાનદાસ ભરતીયા** રહે. કુમારશાળાની સામે, ચીખલી રોડ, ખેરગામ તા. ખેરગામ જી.નવસારીએ તેમના દાદા **મગનલાલ કુંવરજીભાઈ કંસારા (ભરતીયા)**નું મરણ મોજે, ખેરગામ તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૭/૧૧/૧૯૭૫ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૨૦/૦૭/૨૦૨૬
સ્થળ : વાંસદા

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૫૧/૨૦૨૬**

**અરજદાર : મહેશભાઈ બાવાભાઈ નાયકા**
બરમબેડા ફળિયા, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **કુરશનભાઈ ચૈતાભાઈ નાયકાનું** મરણ તા.૨૮/૦૮/૧૯૭૮ના રોજ મોજે કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કરાયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કરાયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કરાયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

No.MAM/KNVL/RBD-DNH/161/2026/ Dated: 08/05/2026

**APPLICANT - SHRI DEVU PANDU VAGHAMARE,**
**R/o. Bedpa, DNH.**
**Mob. 8156052710/8141511308**

**V/S**

**OPPONENTS - Registrar of Birth & Death, Sindoni.**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Devu Pandu Vaghmare, R/o. Bedpa, DNH, has submitted an application dated 23/04/2026 seeking registration of date of death of his mother namely Darki Pandu Vaghamare, who died on 05/07/1979 at Mulgav, Bedpa, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Sindoni.

Therefore, the applicant has requested to issue an order to register the death of Shri Devu Pandu Vaghamare

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર :૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૧૦૧/૨૦૨૬ તા.૩૦/૦૯/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** પટેલ જયસિંગભાઈ દલાભાઈ, રહે.બામટી, જુના પટેલ, ફ. તા. ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગૃપ ગ્રામ પંચાયત બામટી, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પટેલ જયસિંગભાઈ દલાભાઈ** રહે. બામટી, જુના પટેલ ફ., તા.ધરમપુર જી.વલસાડની પુત્રી **કીર્તીકુમારી જયસિંગભાઈ પટેલ**નો જન્મ તા.૨૨/૦૭/૧૯૯૭નાં રોજ બામટી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૬૨/૨૦૨૬**

**અરજદાર : બાબુભાઈ છીપકાભાઈ હળપતિ**
મોરા ફળિયા, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **અશોકભાઈ મોહનભાઈ હળપતિનો** જન્મ તા.૧૨/૦૭/૧૯૬૭ના રોજ મોજે કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કરાયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કરાયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કરાયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૬૦/૨૦૨૬**

**અરજદાર : જ્યંતિભાઈ ભગુભાઈ પટેલ**
બ્રાહ્મણ ફળિયા, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **કાશીબેન ભગુભાઈ પટેલનું** મરણ તા.૧૨/૧૨/૧૯૬૮ના રોજ મોજે કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કરાયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કરાયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કરાયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૮૬/૨૦૨૬**

**અરજદાર : ચંદુભાઈ ભાટુલભાઈ ભોયા**
કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ધનકીબેન ભાટુલભાઈ ભોયાનું** મરણ તા.૧૬/૦૫/૨૦૨૩ના રોજ મોજે કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કોઠારના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કોઠારને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કોઠાર ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૬૩/૨૦૨૬**

**અરજદાર : રમણભાઈ દલુભાઈ સિંદા**
વાંગડ ફળિયા, અંધારપાડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, અંધારપાડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **દલુભાઈ પુનકભાઈ સિંદાનું** મરણ તા.૦૬/૦૭/૧૯૭૪ના રોજ મોજે અંધારપાડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત અંધારપાડાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત અંધારપાડાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી અંધારપાડા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ


ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપ, ઈબ્લુ ચપલ.સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361




નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

Jai Jalaram Bapa



Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200




Monday 03, August 2026

# દમણગંગા ટાઈમ્સ

## વલસાડ-નવસારી જિલ્લામાં ઉઘાડ વર્તાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, નવસારી, તા. ૦૨** : વલસાડ જિલ્લામાં આ અઠવાડિયામાં બીજીવાર મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યા બાદ આજે સવારે ઉઘાડ નિકળ્યો હતો અને સુરજદાદાના દર્શન થયા હતાં. જેથી વલસાડ, વાપી, ઉમરગામ જેવા પાછલા દિવસોમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારમાં લોકોએ રાહત અનુભવી હતી જો કે હવામાન વિભાગ દ્વારા હજુ પણ આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવતાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોમાં ચિંતા જોવા મળી રહી છે. એ રીતે નવસારી જિલ્લામાં પણ ઉઘાડ વર્તાયો હતો. નવસારી જિલ્લામાં ખેરગામે વરસાદની પ્રથમ સદી ફટકારી છે. જયારે વાંસદા અને ચીખલીમાં ધુંઆધાર બેટીંગ છતાં આ સપ્તાહમાં મેઘરાજાની સદી થઈ શકી ન હતી.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વર્ચ્યુઅલ સંબોધન સાથે નશામુક્ત જીવન જીવવાનો સંકલ્પ લીધો

# જિલ્લા-સંઘપ્રદેશમાં 'નશા મુક્ત યુવા' સંકલ્પ અભિયાન કાર્યક્રમ યોજાયો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, સેલવાસ, દમણ, તા. ૦૨** : વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશ દમણ તથા દાનહમાં મેરા યુવા ભારત (MY Bharat) 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન' અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વર્ચ્યુઅલ સંબોધનના જીવંત પ્રસારણનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ યુવાનોમાં નશા વિરોધી જાગૃતિ ફેલાવવી, નશામુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવું તથા 'નશા મુક્ત યુવા - વિકસિત ભારત' ના સંકલ્પ સાથે તેમને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભાગીદાર બનાવવાનો છે.

વલસાડમાં આ કાર્યક્રમ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપાના ઉપાધ્યક્ષ તથા ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે યુવાનો દેશની સૌથી મોટી શક્તિ છે અને નશામુક્ત યુવા જ વિકસિત ભારતનો મજબૂત પાયો બની શકે છે. ધારાસભ્ય ભરતભાઈ પટેલે પણ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન મેરા યુવા ભારત, વલસાડ દ્વારા કરાયું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા યુવા અધિકારી, જિલ્લા શિક્ષણ અધિકારી, ભાજપ સંગઠનના અગ્રણીઓ અને જનપ્રતિનિધિઓ, મેરા યુવા ભારત વલસાડ જિલ્લાના તમામ મંડળોના કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ 'નશા મુક્ત યુવા - વિકસિત ભારત'નો સંકલ્પ લીધો અને નશા વિરોધી જનજાગૃતિ માટે સમાજમાં સક્રિય કામગીરી કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન મેરા યુવા ભારત, વલસાડ દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

જયારે દમણમાં સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ ખાતે 'વિકસિત ભારત સંકલ્પ અભિયાન માટે ડ્રગ-મુક્ત યુવા' કાર્યક્રમના ભાગ રૂપે, એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૯૦ યુવાનો, ફલ્લ સ્વયંસેવકો, માય ભારત સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ અને સામાજિક-આધ્યાત્મિક સંગઠનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ડેપ્યુટી કલેક્ટર (મુખ્ય મથક) અને એસડીએમ પ્રિયાંશુ સિંહ હતા. દમણ મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ દીપિકા ટંડેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ બાબુ પટેલ, સરપંચો અને વોર્ડ કાઉન્સિલરો પણ હાજર રહ્યા હતા. સહભાગીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રવ્યાપી વર્ચ્યુઅલ સંબોધનમાં જોડાયા અને ડ્રગ-મુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૦૦ અઠવાડિયાનું અભિયાન યુવાનોને રમતગમત, ફિટનેસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને જનજાગૃતિ કાર્યક્રમો દ્વારા ડ્રગ-મુક્ત ભારત બનાવવા માટે પ્રેરણા આપશે.

એ જ રીતે સેલવાસમાં સ્વામી વિવેકાનંદ વિદ્યામંદિર, ઝંડા ચોક ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે દાદરા અને નગર હવેલી જિલ્લા પંચાયત અધ્યક્ષ નિશા ભવર, સિલવાસા નગર પરિષદ અધ્યક્ષ સોમનાથ પાટીલ, ભારતીય જનતા યુવા મોરચા (દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ)ના પ્રદેશ અધ્યક્ષ અવધેશસિંહ ચૌહાણ તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી બલવંત પાટીલ વિશિષ્ટ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમ દરમિયાન તમામ ઉપસ્થિતોએ સામૂહિક રીતે નશામુક્તિની પ્રતિજ્ઞા લીધી હતી.

મહેમાનોએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે સ્વસ્થ, જાગૃત અને નશામુક્ત યુવા જ વિકસિત ભારતના મજબૂત પાયાનો આધાર છે. આયોજકોના જણાવ્યા અનુસાર અભિયાન અંતર્ગત આગામી સમયમાં વધુ કાર્યક્રમો યોજાશે.

## ઉમરગામમાં ગુમ ૩ બાળકોનું પરિવાર સાથે મિલન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨** : ઉમરગામ પોલીસ સ્ટેશનના ગાંધીવાડી વિસ્તારમાંથી તા. ૦૧/૦૮/૨૦૨૬ ના રોજ ગુમ થયેલા ૩ સગીર બાળકોને ઉમરગામ પોલીસે 'મિશન મિલાપ' અંતર્ગત ગણતરીના કલાકોમાં શોધી કાઢી તેમના માતા-પિતા સાથે મિલન કરાવ્યું છે. વાલીઓએ બાળકો ગુમ થયાની જાણ થતાં વલસાડ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવે વાપી વિભાગના માર્ગદર્શન હેઠળ ઉમરગામ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પીઆઈ એચ.ડી. તુવરની સૂચનાથી અલગ-અલગ ટીમો બનાવી ઉમરગામ ટાઉન વિસ્તાર, પ્રગતિનગર, ગાંધીવાડી તેમજ ઉમરગામ-સંજાણ-વાપી રેલવે સ્ટેશન વિસ્તારમાં સઘન શોધખોળ કરવામાં આવી હતી. આખરે ત્રણેય બાળકો મળી આવતા તેમને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી પરિવારજનોને સુપ્રત કરવામાં આવ્યા હતા. આ પ્રશંસનીય કામગીરી કરનાર ઉમરગામ પીઆઈ એચ.ડી. તુવર,પીએસઆઈ આર.એસ. ચૌધરી, એએસઆઈ હિતેશભાઈ પ્રેમજીભાઈ, લાલજીભાઈ બળદેવજીભાઈ સહિત ૧૦ પોલીસ કર્મીઓની ઉચ્ચ અધિકારીઓ એ પ્રશંસા કરી હતી.

### આવી બેદરકારી : વલસાડ પાલિકાના હાથ કે દાનત ટૂંકી પડી?

## વલસાડપારડીમાં આશ્રિત પૂરપીડિતો ભૂખ્યા રહેવા મજબૂર!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨** : વલસાડમાં પૂરના લીધે ઘર-વખરી ગુમાવી ચૂકેલા અસરગ્રસ્તોને વલસાડ નગરપાલિકા દ્વારા વલસાડ-પારડી સ્થિત 'રામલાલા હોલ'માં ખસેડવામાં આવ્યા જોકે તેઓને બપોરે એને રાત્રે ભોજન નહીં મળતા તેઓની હાલત કફોડી બની ગઈ હતી. જોકે, આ પૂરપીડિતો માટે સલામત આશ્રય સ્થાન ગણાતા હોલમાં જ તંત્રની ઘોર બેદરકારી સામે આવતાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.



વલસાડ જિલ્લામાં સાર્વત્રિક ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ભરાઈ જતાં વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. વલસાડ પારડીના રામલાલા હોલમાં આશ્રય લઈ રહેલા પરિવારના નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો બપોરે તેમજ રાત્રે જમવાનું ન મળતાં ભૂખ્યા પેટે દિવસ વિતાવવા મજબૂર બન્યા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સવારે પૂર્વ નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ મરચા દ્વારા ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ નગરપાલિકા કે સ્થાનિક વહીવટી તંત્ર તરફથી બપોર કે રાત્રિના ભોજનની કોઈ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી નહોતી. રાહત કેમ્પમાં જ જરૂરી ખોરાક ન મળતાં પૂરપીડિતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ જ્યાં જવાબદાર અધિકારીઓ અને પાલિકા તંત્ર દ્વારા અસરગ્રસ્તોની પૂરતી સંભાળ લેવામાં નિષ્ફળતા મળી છે, ત્યાં બીજી તરફ માજી નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ મરચા સતત લોકો વચ્ચે રહીને તેમની સમસ્યાઓ સાંભળી હતી અને તેમણે તાત્કાલિક વલસાડના ગોરવાડા ગામેથી પૂરપીડિતો માટે ભોજનની વ્યવસ્થા કરાવી આપી હતી. આમ રાજુ મરચાએ પૂરગ્રસ્ત માટે મદદરૂપ થવાના પ્રયાસો હાથ ધર્યા હતા. સંકટના સમયમાં પડખે ઊભા રહેવા બદલ આશ્રય મેળવનાર નાગરિકોએ રાજુભાઈનો આભાર માન્યો હતો. સરકાર દ્વારા પૂર રાહત અને આપદા વ્યવસ્થાપન માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે, છતાં પણ પૂરપીડિત ગરીબોને બે ટંકનું ભોજન ન મળે તે તંત્રની કામગીરી સામે મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા કરે છે કરોડોની રાહત ગ્રાન્ટ હોવા છતાં આશ્રય સ્થાનમાં ભોજન કેમ ન પહોંચ્યું એવા સવાલો ઊભા થયા છે. ભૂખ્યા પેટે અકળાયેલા નાના બાળકો અને વૃદ્ધો પ્રત્યે જવાબદાર અધિકારીઓ ક્યારે જાગશે.

હાલ તો આ સમગ્ર ઘટનાને પગલે વહીવટી તંત્રની ભારે ટીકા થઈ રહી છે અને સ્થાનિકો તાત્કાલિક યોગ્ય રાહત-વ્યવસ્થા પૂરી પાડવાની માગ કરી રહ્યા છે.

## વાપીમાં ડ્રગ્સ બનાવવાનું શીખવતા આરોપીને ૮ દિવસના રિમાન્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨** : ગુજરાત ATS અને વલસાડ જિલ્લા SOGની સંયુક્ત ટીમે વાપીના કુંટા ગામે ૨૬/૦૫/૨૦૨૬ ના રોજ A.K. સ્ટીલ સપ્લાયર નામના ભંગારના ગોડાઉનમાં રેડ કરતા સ્થળ પરથી ૨.૩૭૭ કિલો મેફેડ્રોન કિં. રૂા. ૭૧,૩૧,૦૦૦ અને ૦.૬૫૮ કિલો શંકાસ્પદ માદક પદાર્થ તેમજ રો-મટીરિયલ મળી આવ્યું હતું. પોલીસે આ કેસમાં આરોપી અબ્દુલ કલામ અબ્દુલ રબ ખાન ઉ.વ. ૩૬ ધંધો-વેપાર રહે. ફલેટ નં. ૩૦૩, દમણ અને મેહુલ મકવાણા રહે. ફલેટ નં. D-૩૦૭, રાજ રેસીડન્સી-૧, બલીઠાણીની ધરપકડ કરી હતી.

બાદમાં આ કેસમાં વોન્ટેડ આરોપી રાજેશ મુરારી મૌર્યની પણ ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછમાં ખુલાસો થયો કે આરોપી પરેશ પારસમલ જૈન આરોપી રાજેશ મૌર્યને મેફેડ્રોન બનાવવાની પ્રોસેસ બતાવતો હતો. રાજેશ મૌર્ય જાળસાજી અને ખોટા દસ્તાવેજના કેસમાં સાબરમતી જેલમાં સજા ભોગવી રહ્યો હતો. તેને ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ ટ્રાન્સફર વોરંટથી વાપી લાવવામાં આવ્યો હતો.

ATSએ ૩૧ જુલાઈએ આરોપીને વાપી કોર્ટમાં રજૂ કરતા ૪ભ્ભ મુકેશભાઈ પાટણવાડિયાની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીના ૮ ઓગસ્ટ સુધીના ૮ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી પરેશ જૈન વર્ષ ૨૦૨૩માં ઉત્તરાખંડના હરિદ્વારમાં કફ સીરપ અને ટેબલેટના ગુનામાં ૨૦ મહિના જેલમાં રહી ચૂક્યો છે. જ્યારે મહારાષ્ટ્રના થાણે ખાતે કાસડવડવલી પોલીસ સ્ટેશનમાં પણ તે કફ સીરપના ગુનામાં પકડાયો હતો. જામીન પર છૂટ્યા બાદ તે ફરી આ ધંધામાં સંડોવાયો હતો.

# લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દાનહનો મુક્તિ દિવસ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૨** : લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ તથા હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા સંયુક્ત રીતે લાયન્સ ઈંગ્લિશ સ્કૂલના પ્રાંગણમાં દાદરા અને નગર હવેલીનો ૭૩ મો મુક્તિ દિવસ દેશભક્તિના ઉમંગ સાથે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના માનનીય અધ્યક્ષ ફતેહસિંહ એમ. ચૌહાણ તથા વિશિષ્ટ અતિથિ તરીકે ઉપાધ્યક્ષ અનંતરાવ ડી. નિકમ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆત અનંતરાવ ડી. નિકમના હસ્તે ધ્વજવંદનથી થઈ. ત્યારબાદ રાષ્ટ્રગાન, ઝંડા ગીત અને વંદે માતરમની ભાવસભર રજૂઆત કરવામાં આવી. ત્યારપછી મહાનુભાવોનું પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના કોષાધ્યક્ષ વિશ્વેશ દવે, સંયુક્ત સચિવ જયેન્દ્રસિંહ રાઠોડ, સંયુક્ત કોષાધ્યક્ષ હીરાભાઈ પટેલ, મેનેજમેન્ટ સમિતિના સભ્ય અભિષેકસિંહ એફ. ચૌહાણ, પ્રાચાર્યા ડૉ. સીમા પિલ્લઈ, ઉપપ્રાચાર્યા ડૉ. જાન્હવી આરેકર, આચાર્યા શ્રીમતી નિરાલી પારેખ, ઉપઆચાર્યાઓ શ્રીમતી પારુલ ગુપ્તા અને શ્રીમતી મમતા નગરકોટી, પ્રાધ્યાપકો, શિક્ષકો, કાર્યકરિણીના સભ્યો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ શાળા પરિસરની દાદરા અને નગર હવેલીના ઈતિહાસ, સંસ્કૃતિ અને મુક્તિ સંગ્રામને ઉજાગર કરતી આકર્ષક સજાવટ રહી. વિદ્યાર્થીઓએ સંપૂર્ણપણે ગુજરાતી ભાષામાં દેશભક્તિ ગીતો, નાટિકા, વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર રજૂઆત કરી. સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન પણ ગુજરાતી ભાષામાં કરવામાં આવ્યું, જે સ્થાનિક ભાષાના સન્માન, સંરક્ષણ અને સંવર્ધનનું ઉત્તમ ઉદાહરણ બન્યું. પોતાના સંબોધનમાં અનંતરાવ ડી. નિકમે સૌને મુક્તિ દિવસની શુભેચ્છાઓ પાઠવી અને વિદ્યાર્થીઓને વધુમાં વધુ પુસ્તકો વાંચવા, સોશિયલ મીડિયાનો સંયમિત અને સકારાત્મક ઉપયોગ કરવા તેમજ પર્યાવરણના સંરક્ષણ માટે દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવાનું આહ્વાન કર્યું હતું.

મુખ્ય અતિથિ ફતેહસિંહ એમ. ચૌહાણે દાદરા અને નગર હવેલીના મુક્તિ સંગ્રામના વીર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી પ્રદેશના ગૌરવશાળી ઈતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો તેમણે જણાવ્યું કે તેમને અંતિમ વરિષ્ઠ પંચાયતના સાતમા અધ્યક્ષ તરીકે સેવા આપવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું, જે તેમના જાહેર જીવનનો ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ પ્રસંગ છે. તેમણે વિદ્યાર્થીઓને નેતૃત્વ ક્ષમતા વિકસાવવા, શિસ્ત અને સામાજિક જવાબદારીનું પાલન કરીને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા. સાથે જ સંસ્થાની સતત પ્રગતિની પ્રશંસા કરતાં શિક્ષકો અને કર્મચારીઓને તેમના સમર્પિત કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા તેમજ સૌને મિત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ આપી હતી.

કાર્યક્રમના અંતે ગુજરાતી વિભાગના વિભાગાધ્યક્ષા શ્રીમતી હર્ષા ભંડારી દ્વારા આભારવિધિ કરવામાં આવી. રાષ્ટ્રગાન બાદ તમામ ઉપસ્થિતોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર આયોજન દાદરા અને નગર હવેલીના ગૌરવશાળી ઈતિહાસને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રેરણાદાયી પ્રયાસ સાબિત થયો હતો.




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**